સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com






# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક


જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્રનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૮ જૂનાગઢ તા.૨૩-૧૨-૨૦૨૩ શનિવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 8, Junagadh : Date : 23 December, 2023, Saturday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


# ૩૦૩ ભારતીયોને નિકારાગુઆ લઈ જતી ફલાઈટને ફ્રાન્સમાં રોકી દેવાઈ : માનવ તસ્કરીની આશંકા



પેરીસ તા. ૨૩ દુબઈથી નિકારાગુઆ જઈ રહલી ભારતનાં ૩૦૩ મુસાફરો સાથે રવાના એક ખાનગી કંપનીના ચાર્ટર્ડ વિમાનને ફ્રાન્સમાં ઈંધણ ભરવા તથા ટેકનીકલ મરામત સહિતની કામગીરી માટે લેન્ડ કરાયા બાદ ફ્રાન્સના સતાવાળાએ તેમાં માનવ તસ્કરીની શંકાથી આ વિમાનને ફરી ઉડાન ભરવા મંજુરી આપી નથી. આ વિમાનમાં મોટાભાગે ભારતીય અને ભારતીય મૂળના પ્રવાસીઓ અને તેઓ નોકરી માટે લેટીન અમેરિકી દેશ નિકારાગુઆ લઈ જવાતા હોવાનું જણાવ્યું છે પણ માનવામાં આવે છે કે આ એક મોટુ માનવ તસ્કરીનું રેકેટ છે. ફ્રાન્સની ખાસ તપાસ ટીમ દરેક મુસાફરની ચકાસણી કરી રહી છે જેમાં બે વ્યકિતને વધુ તપાસ માટે કસ્ટડીમાં લેવાયા છે તો બીજી તરફ પેરીસ ખાતેની ભારતીય રાજદૂત કચેરીના અધિકારીઓને પણ આ બ્રિટનના ભારતીય પ્રવાસીઓને આપવાની મંજુરી અપાઈ છે. ફ્રાન્સની એન્ટી-ઓર્ગેનાઈઝ ક્રાઈમ યુનીટે તપાસ સંભાળી લીધી છે. બ્રિટનના પ્રવાસી ૩૦૩ ભારતીયો હાલ યુએઈમાં કામ કરતા હોવાનું અને તેઓને નવી નોકરી માટે નિકારાગુઆ લઈ જવાતા હોવાનું જણાવ્યું પણ તેમાં માનવ તસ્કરી અને આ દેશ મારફત અમેરિકામાં તેઓને ઘુસાડવાનો પણ ઈરાદો હોય તેવી આશંકા છે. તમામ મુસાફરોને હાલ ટર્મીનલ બિલ્ડીંગમાં રખાયા છે તથા સમગ્ર એરપોર્ટ આસપાસ પોલીસ સુરક્ષા વધારી દેવાઈ છે. ભારતીય દૂતાવાસના અધિકારીઓ પણ એરપોર્ટ પહોંચી ગયા છે.

# ભાજપનો નારો - અબ કી બાર ૪૦૦ પાર




નવી દિલ્હી,તા.૨૩: સંસદનું શિયાળુ સત્ર સમાપ્ત થતા જ ભાજપ સંપૂર્ણ રીતે ચૂંટણી મોડમાં આવી ગયા છે. વડાપ્રધાન મોદીની હાજરીમાં ભાજપ મુખ્યાલય ખાતે ૨૦૨૪ની લોકસભા ચૂંટણીની તૈયારીઓને જોર આપવા માટે મહામંથન શરૂ થયું છે. બે દિવસ સુધી ચાલતી આ બેઠકથી પાર્ટી લોકસભા ચૂંટણીનો એજેન્ડા સેટ કરશે. પહેલા દિવસે વડાપ્રધાન મોદીએ બ્રેન સ્ટ્રોમીંગ સેશન લઈને પદાધિકારીઓને ૨૦૧૯ ચૂંટણીના ૩૦૩ સીટોના આંકડા ૨૦૨૪માં તોડવાનો મંત્ર આપ્યો છે. રાજસ્થાન, મધ્યપ્રદેશ અને છત્તીસગઢમા જીતથી ઉત્સાહિત ભાજપે અબકી બાર ૪૦૦ પારનો નારો પણ આપ્યો છે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાની અધ્યક્ષતામાં થયેલી આ બેઠકમાં દરેક રાષ્ટ્રીય પદાધિકારી, પ્રદેશ અધ્યક્ષ, મહામંત્રી અને રાજય પદાધિકારી, મોર્ચા પ્રભારી ભાગ લઈ રહ્યા છે. લોકસભા ચૂંટણીના ધ્યાનમાં રાખીને દરેક સીટ પર મહેનતુ વિસ્તરણવાદીઓની નિમણૂક પર ચર્ચા થઈ. આ વિસ્તારવાદી પક્ષની ચૂંટણી રણનીતિને અમલમાં મુકવામાં આવશે.

# અમેરીકામાં હિન્દુ મંદિર પર હુમલો ખાલીસ્તાનીઓનું કાયરતાપૂર્ણ કૃત્ય

વોશિંગ્ટન, તા.૨૩: અમેરિકામાં એક હિન્દુ મંદિરને નિશાન બનાવવામાં આવ્યું છે. ખાલિસ્તાન સમર્થકો દ્વારા મંદિરની દિવાલો પર ભારત વિરોધી સૂત્રો લખવામાં આવ્યા છે. આ ઘટના અમેરિકાના કેલિફોર્નિયાના નેવાર્ક શહેરમાં જોવા મળી છે. હિન્દુ અમેરિકા ફાઉન્ડેશન દ્વારા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર આ સંબંધિત તસવીરો શેર કરવામાં આવી છે. જેમાં સ્વામિનારાયણ મંદિરની દિવાલો પર સ્લોગન લખેલા જોવા મળે છે. બ્લેક સ્પ્રે પેઈન્ટથી ભારત અને વડાપ્રધાન મોદી વિરુદ્ધ આ સૂત્રો લખવામાં આવ્યા હતા.

ફાઉન્ડેશને ભાર મૂકયો હતો કે ઘટનાની તપાસ હેટ ક્રાઈમ તરીકે થવી જોઈએ. આ ઘટના બાદ મંદિર સાથે સંકળાયેલા લોકોએ નેવાર્ક પોલીસ વિભાગ અને ન્યાય વિભાગના નાગરિક અધિકાર વિભાગને તેની જાણ કરી છે. આ પહેલીવાર નથી જયારે અમેરિકામાં ખાલિસ્તાન સમર્થકો દ્વારા મંદિરોને નિશાન બનાવવામાં આવ્યા હોય. અમેરિકા સિવાય કેનેડા, યુકે અને ઓસ્ટ્રેલિયામાં પણ આવી ઘટનાઓ જોવા મળી છે.








### જૂનાગઢનાં ગીચ અને ભરચક વિસ્તારમાં આગ લાગે ત્યારે કટોકટીભરી સ્થિતિનું નિર્માણ થાય

# ઘરસંસાર શો રૂમમાં લાગેલી આગે ગંભીર પરિસ્થિતિ સર્જી દીધી હતી

## નિંભર અને બેદરકાર મનપાનું તંત્ર કયારે સચોટ કાર્યવાહી કરશે ? : બાંધકામની આડેધડ અપાયેલી મંજુરી અને વગેવાવણા કરવાનાં કારણે જૂનાગઢવાસીઓનું જીવન જોખમમાં મુકાઈ ગયું છે

જૂનાગઢ તા. ૨૩

હજી થોડા સમય પહેલા સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકે એક અહેવાલ પ્રસિધ્ધ કરીને એવી ચેતવણી ઉચ્ચારી હતી કે નિંભર મનપાનાં તંત્રએ ખોટા નકશાના આધારે આ બાંધકામની આડેધડ મંજુરીઓ આપી દીધી છે. જેને કારણે માંગનાથ રોડ, પંચહાટડી ચોક જેવા ભરચકક વિસ્તારમાં કાયમ ટ્રાફીકજામની સ્થિતિ હોય છે એટલું જ નહી જયારે ગઈકાલે સાંજે જે આગની ઘટના બની તેવી ઘટના વખતે મનપા તંત્રએ પ્રજા કે લોકો પાસે નિ:સહાય બની રહેવા સિવાય કોઈ વિકલ્પ રહેતો નથી. ખાસ કરીને માંગનાથ રોડ વિસ્તારમાં ૯ મીટરનો રોડ નહી હોવા છતાં બાંધકામની મંજુરી આપવામાં આવી છે તે દર્શાવે છે કે સમગ્ર ભ્રષ્ટાચારમાં મનપા તંત્રની મિલીભગત છે. આગ લાગવા જેવા કટોકટીનાં બનાવમાં સમયસર ફાયર બ્રિગેડ ન પહોંચી શકે એટલી હદે માંગનાથ રોડ વિસ્તાર ભરચકક અને ગીચ બની ગયો છે.

જૂનાગઢ શહેરનાં માંગનાથ રોડ ઉપર ગઈકાલે ઘરસંસાર નામનાં શો-રૂમમાં ગત સાંજના સમયે અકસ્માતે આગ લાગવાના બનાવને પગલે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. જો તાત્કાલીક અસરથી સલામતી અંગેનાં પગલા લેવામાં આવ્યા ન હોત તો મોટી દુર્ઘટના સર્જાઈ હોત તેવો ભય સેવવામાં આવી રહયો છે. ગઈકાલે સાંજનાં સમગે ઘર સંસાર નામની દુકાનમાં લાગેલી આગે ગંભીર પરિસ્થિતિ સર્જી દીધી હતી. ફાયર વિભાગને આગ લાગ્યાની જાણ કરવામાં આવતા ફાયર ફાઈટરનો સ્ટાફ ઘટના સ્થળે પહોંચી ગયો હતો પરંતુ સૌથી મુંઝવતો પ્રશ્ન એ હતો કે જે સ્થળે આગ લાગી હતી ત્યાં પહોંચવું કઈ રીતે અને આ ભરચક વિસ્તારમાં વાહનોની વણઝાર તેમજ લોકોનાં ટોળા ઉમટી પડયા હતા. પરંતુ આજ સમગે જૂનાગઢ પોલીસની ઉમદા કામગીરીને કારણે ટ્રાફીકનું નિયમન સુવ્યવસ્થિત થયું હતુ અને ભારે જહેમત બાદ આગને કાબુમાં લેવાઈ હતી. આગ લાગી અને બુઝાઈ ગઈ એ મહત્વનું નથી પરંતુ હવે જે સો મણનો સવાલ એ ઉઠવા પામ્યો છે કે, જૂનાગઢ શહેરમાં અનેક બજારો અને મુખ્ય માર્ગો ઉપર કોમર્શીયલ કોમ્પ્લેક્ષો આડેધડ ખડકી દેવામાં આવ્યા છે. ખાસ કરીને હવેલી ગલી, માંગનાથ રોડ, એમ.જી. રોડ, જેનિલી શોપીંગ સેન્ટર સહિતનાં વિસ્તારો એવા છે કે જયાં દિવસ દરમ્યાન સતત ટ્રાફીક રહે છે એટલું જ નહી વાહનોનાં આડેધડ પાર્કીંગ તેમજ લોકોની અવર-જવર વાળા આ વિસ્તારમાં રસ્તાની જગ્યાઓ ઉપર પણ દબાણો કરી નાખવામાં આવેલ છે આવા અનેક વિસ્તારોમાં જયારે પણ મોટી દુર્ઘટના બને ત્યારે ફાયર વિભાગને પહોંચવું મુશ્કેલ બને છે તેમજ રેસ્કયુ કરવું તો કઈ રીતે કરવું તે સૌથી મોટો પ્રશ્ન ઉભો થાય છે. આ ઉપરાંત વિજ તંત્રનાં વિજ વાયરો મોતનાં પૈગામ બનીને લટકતા હોય છે જે પણ મોતને નોતરૂ દેવા સમાન છે. આવા સંજોગોમાં મનપાના તંત્ર વાહકોએ જૂનાગઢ શહેરની જનતાની સુખાકારી અને સલામતી ઈચ્છતા હોય તો તેઓએ તાત્કાલીક આવી બજારોનો સર્વે કરવો જોઈએ એટલું જ નહી આવા કોમ્પ્લેક્ષોમાં ફાયર પુરવઠો સ્ટેન્ડ-ટુ રહે તે માટેની વ્યવસ્થા કરવી જોઈએ અને એક સુવ્યવસ્થિત એકશન પ્લાન બનાવવો હિતકારી છે નહીંતર જૂનાગઢની જનતાની માથે મોતનો ખતરો તોળાઈ રહયો છે.

## જૂનાગઢ જિલ્લાના પોલીસ સ્ટેશનના મોબાઈલ નંબર જાહેર કરાયા

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૩

લોકો સીધો સંપર્ક કરી શકે તે માટે જૂનાગઢ જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનના મોબાઈલ નંબર જાહેર કરવામાં આવ્યા છે. એસપી હર્ષદ મહેતાએ જણાવ્યું હતું કે, રાજયના પોલીસવાડા વિકાસ સહાયની સૂચનાથી દરેક પોલીસ સ્ટેશન અને તેમના થાણા અધિકારીને મોબાઈલ ફોન ફાળવવામાં આવ્યા છે. જે મુજબ જૂનાગઢ જિલ્લાના લોકો સરળતાથી પોલીસ સ્ટેશનનો ઝડપથી સંપર્ક કરી શકે તે માટે થાણા અધિકારી અને પીએસઓના મોબાઈલ નંબર જાહેર કરવામાં આવેલ છે. તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, ઘણા અધિકારી બદલાશે તો પણ તેના અને પીએસઓના મોબાઈલ નંબર એ જ રહેશે.

| પોલીસ સ્ટેશન | થાણા અધિકારી | પીએસઓ |
|---|---|---|
| એ- ડિવીઝન | ૬૩૫૯૬ ૨૬૭૬૫ | ૬૩૫૯૬ ૨૬૭૭૦ |
| બી- ડિવીઝન | ૬૩૫૯૬ ૨૬૭૭૪ | ૬૩૫૯૬ ૨૬૭૭૫ |
| સી- ડિવીઝન | ૬૩૫૯૬ ૨૬૭૭૭ | ૬૩૫૯૬ ૨૬૭૭૯ |
| ભવનાથ | ૬૩૫૯૬ ૨૬૭૮૩ | ૬૩૫૯૬ ૨૬૭૮૪ |
| જૂનાગઢ તાલુકા | ૬૩૫૯૬ ૨૬૭૮૨ | ૬૩૫૯૬ ૨૬૭૮૧ |
| મહિલા પોલીસ | ૬૩૫૯૬ ૨૬૭૮૫ | ૬૩૫૯૬ ૨૯૨૧૨ |
| ભેંસાણ | ૬૩૫૯૬ ૨૬૭૮૭ | ૬૩૫૯૬ ૨૬૭૮૮ |
| વિસાવદર | ૬૩૫૯૬ ૨૬૭૯૬ | ૬૩૫૯૬ ૨૬૭૯૭ |
| બિલખા | ૬૩૫૯૬ ૨૬૭૯૧ | ૬૩૫૯૬ ૨૬૭૯૦ |
| મેંદરડા | ૬૩૫૯૬ ૨૬૭૯૩ | ૬૩૫૯૬ ૨૬૭૯૨ |
| કેશોદ | ૬૩૫૯૬ ૨૬૮૦૦ | ૬૩૫૯૬ ૨૬૭૯૯ |
| વંથલી | ૬૩૫૯૬ ૨૬૮૦૫ | ૬૩૫૯૬ ૨૬૮૦૬ |
| માણાવદર | ૬૩૫૯૬ ૨૬૮૦૩ | ૬૩૫૯૬ ૨૬૮૦૨ |
| બાટવા | ૬૩૫૯૬ ૨૬૮૦૮ | ૬૩૫૯૬ ૨૬૮૦૭ |
| માંગરોળ | ૬૩૫૯૬ ૨૬૮૧૫ | ૬૩૫૯૬ ૨૬૮૧૭ |
| માળીયા હાટીના | ૬૩૫૯૬ ૨૬૮૦૯ | ૬૩૫૯૬ ૨૬૮૧૦ |
| ચોરવાડ | ૬૩૫૯૬ ૨૬૮૧૨ | ૬૩૫૯૬ ૨૬૮૧૧ |
| શીલ | ૬૩૫૯૬ ૨૬૮૧૩ | ૬૩૫૯૬ ૨૬૮૧૪ |
| માંગરોળ મરીન | ૬૩૫૯૬ ૨૬૮૧૮ | ૬૩૫૯૬ ૨૬૮૨૦ |

## શ્રી દ્વારકાધીશજીના જગત મંદિરના મુખ્ય દ્વાર ઉપર શ્રી દ્વારકાધીશ મંદિરનું બોર્ડ આકર્ષક રીતે શોભી રહ્યું છે




(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૨૩

શ્રી દ્વારકાધીશજીના જગત મંદિરના મુખ્ય દ્વાર ઉપર શોભતુ "શ્રી દ્વારકાધીશ મંદિર "નામ બોર્ડ, ૨૦૧૭ બાદ ફરીથી ૨૦૨૩માં નવું ડીજીટલ તેમજ પૌરાણિક શ્રેણીનું પત્થરમાંથી બનાવેલું અદભુત અને આકર્ષક બોર્ડ મંદિરની શોભામાં અભિવૃદ્ધિ કરી રહ્યું છે. જે જામનગરના સાઈન બોર્ડ બનાવતી કંપની **GRAVITY SIGN**ના માલિક કલ્પેશભાઈ વારીયા તેમજ રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા કલાકાર અમીતભાઈ દસાડીયા તથા એમના મિત્રોની ટીમ દ્વારા તૈયાર કરી જગત મંદિરના મુખ્ય દ્વાર ઉપર અંકિત કરવામાં આવ્યું છે.

## બહાઉદીન કોલેજમાં જૂનાગઢ લો કોલેજના બિલખાના વિદ્યાર્થી અને તેમની ટીમ દ્વારા કાનુની શીબીર યોજાઈ



(મહેન્દ્ર નાગ્રેચા દ્વારા)

બિલખા તા.૨૩

ગત તા.૨૧ ડિસેમ્બરના રોજ જૂનાગઢની ઐતીહાસીક બહાઉદીન કોલેજમાં જૂનાગઢ જુનીયર એજયુકેશન ટ્રસ્ટ સંચાલીત લો કોલેજ જૂનાગઢના પ્રીન્સીપાલ પરવેઝ બ્લોચના માર્ગદર્શન હેઠળ એલ.એલ.બી. સેમેસ્ટર-૬ના વિદ્યાર્થીઓ દ્વારા કાનુની જાગૃતતા શીબીરનું આયોજન કરવામાં આવેલ હતું. આ શિબીરનું સંચાલન બિલખાના પ્રખ્યાત સેવાભાવી વજકીલ અને હોમગાર્ડ કમાન્ડર અતુલભાઈ વ્યાસના વિદ્યાર્થી પુત્ર સુમંતભાઈ વ્યાસ, ચીંતનભાઈ કામળીયા, મનનભાઈ ગોહેલની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું અને લોકોમાં કાનુની જાગૃતી લાવવા માટેના પ્રયાસ કરવામાં આવ્યો હતો.

## જૂનાગઢ હાટી સમાજના આગેવાનો ભુપેન્દ્રસિંહ ચુડાસમાની શુભેચ્છા મુલાકાતે



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૩

જૂનાગઢ શ્રી સમસ્ત ક્ષત્રિય રાજપુત સમાજના ઉત્કર્ષ માટે મનોરંજન સર્કીટ હાઉસ ખાતે પુર્વ શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ બેઠક યોજેલ હતી. જેમાં હાટી સમાજના ઠારણભાઈ સિસોદીયા, ઉદયસિંહ જુજીંયાએ મંત્રી ચુડાસમાની શુભેચ્છા મુલાકાત લીધી હતી જે તસ્વીરમાં નજરે પડે છે.

## બિલખાના રાવતેશ્વર ધર્માલયમાં આગામી તા.૨૪ ડિસેમ્બરના રોજ હિન્દુ મહાસભાનું આયોજન

### આ દિવસે અયોધ્યાથી આવેલ અક્ષત કુંભ અર્પણ થશે



(મહેન્દ્ર નાગ્રેચા દ્વારા)

બિલખા તા.૨૩

બિલખામાં આવેલ બ્રહ્મલીન પુ. ગોપાલાનંદજી બાપુના રાવતેશ્વર ધર્માલયમાં શ્રી રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ સમિતી બિલખા દ્વારા રામ ભગવાનના આદર્શોને જન જન સુધી પહોંચાડવાના આશયથી એક હિન્દુ મહાસભાનું આયોજન કરવામાં આવેલ છે. આ દિવસે ૪ વાગ્યે યોજાનાર મહાસભામાં ૨૨ જાન્યુઆરીના રોજ અયોધ્યામાં થનાર શ્રી રામ લલાના મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અંગે પણ વિશેષ માહિતી આપશે. બાદમાં અયોધ્યાથી આવેલ અક્ષત કુંભ અર્પણ વીધી કરવામાં આવશે. બાદમાં મહાપ્રસાદનું પણ ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. વિશેષ માહિતી માટે સંજયભાઈ રાવલ મો.નં.૬૩૫૧૦ ૬૬૩૯૯નો સંપર્ક કરવા શ્રી રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ સમીતી બિલખા દ્વારા અખબારી યાદીમાં જણાવેલ છે.

## માળીયા હાટીના બારનાં હોદેદારોની બીનહરીફ વરણી

(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૨૩

માળીયા હાટીના બાર એશોસીએશનનાં સભ્યો દ્વારા ઈલેકશનને બદલે સિલેકશન કરવાનું નકકી કરી તમામ સભ્યો દ્વારા સર્વાનુમતે પ્રમુખ તરીકે રોહનભાઈ એન. વૈધ્ય, ઉપપ્રમુખ તરીકે રાયમલસિંહ વી. ભલગરીયા, સેક્રેટરી તરીકે રોહિત જી. મકવાણા, ખજાનચી તરીકે વિલાસ ટી. ગોરડ તથા લાયબ્રેરીયન તરીકે અશોક એન. ચાંડપા તેમજ કારોકારી સભ્ય તરીકે વિજયાબેન બી. સોલંકી, ચંદુભાઈ આર. ભરડા તથા ચીરાગ એચ.મહીડાની વરણી કરવામાં આવતાં તમામ નવનિયુકત હોદેદારોને ખુબ ખુબ શુભેચ્છા પાઠવેલ હતી.

## સુપ્રીમ કોર્ટ ઓફ ઈન્ડિયાના જસ્ટિસ શ્રી પંકજ મિથલે શ્રી જગત મંદિર, દ્વારકા ખાતેના કાનૂની સહાયતા કેન્દ્રની મુલાકાત લીધી



(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૨૩

રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ નવી દિલ્હી (નાલસા)ની અનુશ્રામાં તથા ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ અમદાવાદના માર્ગદર્શન નીચે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દેવભૂમિ દ્વારકા દ્વારા દ્વારકાના શ્રી જગત મંદિર ખાતે હજારોની સંખ્યામાં આવતા દર્શનાથીઓને કાનૂની સહાય મળી રહે અને લોકોમાં કાનૂની જાગૃતિ આવે તે માટે કાનૂની સહાયતા કેન્દ્રની સ્થાપના કરવામાં આવી છે.

કાનૂની સહાયતા કેન્દ્રની નામદાર સુપ્રીમ કોર્ટ ઓફ ઈન્ડિયાના જસ્ટિસશ્રી પંકજ મિથલ દ્વારા મુલાકાત લેવામાં આવી હતી. જેમાં તેઓ દ્વારા આ હેલ્પ ડેસ્ક પર ફરજ બજાવતા પેરા લીગલ વોલેન્ટર્સ તથા કોર્ટના રજિસ્ટ્રાર સાથે વાતચીત કરી શ્રી દ્વારકાધીશ મંદિર ખાતે આવતા દેશભરના દર્શનાર્થીઓને પૂરી પાડવામાં આવતી કાનૂની સહાય અંગેની માહિતી મેળવી હતી. તથા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, દેવભૂમિ દ્વારકા દ્વારા જિલ્લામાં કરવામાં આવતી કાનૂની સેવા અંગેની કામગીરી વિશેની માહિતી મેળવી લોકોમાં કાનૂની જાગૃતિ લાવવા માટે કરવામાં આવતા વિવિધ પ્રયાસો ની પ્રશંસા કરી હતી અને તે અંગેના તેમના અનુભવો ની નોંધ કરી હતી.

આ મુલાકાત દરમિયાન શ્રી દ્વારકાધીશ મંદિરના વહીવટદારશ્રી ભગોરા, ડીવાયએસપીશ્રી શારડા, ડ્ન્જીછના ચેરમેનશ્રી સમીર વ્યાસ વતી હાજર રહેનાર તાલુકા કાનૂની સેવા સમિતિ, દ્વારકાના શ્રી ઉદયપાલસિંહ જાડેજા, પી.એલ.વી.શ્રી કિશન કેર હાજર રહ્યા હતા. તેમ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળની યાદીમાં જણાવવામાં આવેલ છે.

## ઉના એસટી બસ સ્ટેશન ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો



(પ્રતિનિધિ દ્વારા)

ઉના, તા.૨૩

શુભ યાત્રા સ્વચ્છ યાત્રાની ઉજવણીના ભાગરૂપે ઉના એસ ટી બસ સ્ટેશનના સંકુલમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ ડેપોના કેરટેકર શિંગાળા, ડેપો મેનેજર એલ.ડી રાઠોડ તથા ડેપોના કર્મચારીઓ વૃક્ષોના છોડ વાવી વૃક્ષારોપણ કરી ગ્રીન ઈન્ડીયા કલીન ઈન્ડીયાનો સંદેશો આપેલ હતો.


દર બુધવારે અને શનિવારે પ્રસિદ્ધ થાય છે


સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦

આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

પંચહાટડી ચોક માંગનાથ રોડમાં ૧૪૦૦ સ્કવેર ફુટ જગ્યા વેંચવાની છે
પંચહાટડી ચોક-માંગનાથ રોડ વિસ્તારમાં જવેલરી, રેડીમેઈડ, સાડી તથા દરેક ધંધાને માટે શો રૂમ લાયક જગ્યા ૧૪૦૦ સ્કવેર ફુટ વેંચવાની છે
: કોન્ટેક :
મો. ૯૪૨૯૪ ૨૬૩૧૨

પાર્સલ સેવા આપવામાં આવશે
રાજ ડાયનીંગ હોલ
સંપૂર્ણ ગુજરાતી કાઠીયાવાડી થાળી
જૂનાગઢ શહેરના હદયસમાકાળવાચોકમાં
આપના શુભ પ્રસંગે પાર્ટી ઓર્ડર આવકાર્ય છે.
દર રવિવારે ગુજરાતી થાળીમાં સ્પે. પંજાબી શાક તેમજ ઉંધીયુ મળશે.
રાજ ડાયનીંગ હોલ
કાળવા ચોક, જૂનાગઢ.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો


ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
તહેવારો સબબ ગાયનું ઘી તાજુ આવી ગયેલ છે તેમજ ભેંસનું લેબોરેટરી ટેસ્ટ ઘી મળશે
વિજય ઘી ડીપો
ડબાગલી, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
મો. ૭૨૦૨૦

ભેળસેળ સાબીત કરનારને ઈનામ રૂા. ૧ લાખ
૧૦૦% શુધ્ધ અને તાજુ ઘી જાતે બનાવો, ભેળસેળથી બચો.
માખણ રૂા. ૪૦૦/-
મલાઈ(ક્રિમ) રૂા. ૩૨૦/-
૧૦૦% ગેરંટેડ તથા શુધ્ધ અને તાજુ ઘી લેબોરેટરીની જવાબદારી
ભેંસનું ઘી રૂા. ૫૮૦/-
ગાયનું ઘી રૂા. ૬૨૦/-
મલાઈવાળું દહીં, ઘોરવું
તાજુ પનીર ગાયનું દુધ
શ્રી ચંદ્ર ડેરી ફાર્મ
શુધ્ધતા સાથે વ્યાજબી ભાવની ખાત્રી
(અશોકભાઈ)
આસ્થા કોમ્પ્લેક્ષ, હોટ એન્ડ સ્પાઈસની સામે, વણજારી ચોક, જૂનાગઢ. મો.નં.૯૮૨૫૧ ૬૭૦૦૮

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
ફોન: ૨૬૫૨૬૧૨

સ્વાદનો ચટકો !
અમારે ત્યાંથી
• પાણીપુરી • ભેળ • સમોસા રગડો
• મસાલાપુરી • દાબેલી • રગડા પેટીસ
• દહીપુરી • દિલ્હી ચાટ • બાસ્કેટ ચાટ
• સેવપુરી • લસણીયા બટેટા
તેમજ ફરાળી વાનગી, દહીંવડા, ફરાળી ભેળ, રસ ચેવડો, દહીં ચેવડો વગેરે આઈટમો મળશે
:: ખાસ નોંધ ::
લગ્ન પ્રસંગે, પાર્ટી પ્રસંગે તેમજ અન્ય પ્રસંગોએ બહારના ઓર્ડર ઉપર પુરતું ધ્યાન આપવામાં આવશે.
જલારામ પાણીપુરી
પંચહાટડી ચોક, શ્રીરામ મંદિરની બાજુમાં, જૂનાગઢ.
જગદીશભાઈ સોઢા : મો. ૯૬૮૭૫ ૫૭૬૨૧

માણસો જોઈએ છે
બેકરી શો રૂમમાં કામ કરી શકે તેવા માણસોની જરૂર છે
વંદના બેકરી
તળાવ સ્ટ્રીટ
મો. ૮૩૨૦૧
નારાયણ બેકરી
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

આઈસ્ક્રીમ
અંદર બેસવાની સુંદર વ્યવસ્થા
ક્રીમ લચ્છી
સન્ડે આઈસ્ક્રીમ
ક્રિમ મિલ્ક સેઈક
શિખંડ - બાસુંદી - દહીંવડા
કાળવા ચાર રસ્તા કોર્નર, જુનાગઢ.

# જૂનાગઢ શહેર-જીલ્લા કક્ષાના કલા મહાકુંભમાં ૨૪૪૭ સ્પર્ધકો ભાગ લેશે

## આવતીકાલ તા. ૨૪ તથા ૨૫ ડિસેમ્બરના યોજાશે સ્પર્ધા : ૬ વિભાગની જુદી જુદી સ્પર્ધા ૩ વયજૂથના સ્પર્ધકો ભાગ લેશે

જૂનાગઢ, તા.૨૩

જૂનાગઢ શહેર તથા જિલ્લા કક્ષાના કલા મહાકુંભનું બીએપીએસ સ્વામિનારાયણ મંદિર અક્ષરવાડી ખાતે આયોજન કરવામાં આવ્યું છે. આવતીકાલ તા. ૨૪ તથા ૨૫ ડિસેમ્બરના યોજાનાર બે દિવસીય આ કલા મહાકુંભમાં જૂનાગઢ શહેરકક્ષાની સ્પર્ધામાં અંદાજીત ૧૩૬૫ અને જૂનાગઢ જિલ્લાકક્ષા ૧૦૮૨ જેટલા સ્પર્ધકો ભાગ લેશે. આ કલા મહાકુંભમાં સાહિત્ય વિભાગમાં વકૃત્વ, નિબંધ, કાવ્ય લેખન, ગઝલ શાયરી, લોકવાર્તા અને દુહા-છંદ-ચોપાઈ. કલા વિભાગમાં ચિત્રકલા, સર્જનાત્મક અને કારીગરી. નૃત્યં વિભાગમાં લોકનૃત્ય, રાસ, ગરબા, ભરતનાટ્યમ અને કથ્થગક. ગાયન વિભાગમાં શાસ્ત્રીય કંઠ્ય સંગીત (હિન્દુસ્તાની), સુગમ સંગીત, લગ્ન,ગીત, સમુહગીત, લોકગીત અને ભજન. વાદન વિભાગમાં હારમોંનિયમ (હળવું), તબલાં, ઓરગન અને સ્કુભલબેન્ડ. અભિનય વિભાગમાં એકપાત્રીય અભિનય સ્પર્ધા યોજાશે. આ સ્પર્ધાઓ ૬ થી ૧૪ વર્ષ, ૧૫ થી ૨૦ વર્ષ અને ૨૧ થી ૫૯ વર્ષ વયજુથમાં યોજાશે.

# જૂનાગઢના વિજાપુર ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રાને આવકાર

## ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના નિર્માણ માટે સંકલ્પબદ્ધ થતા ગ્રામજનો





જૂનાગઢ તા.૨૩

જૂનાગઢના વિજાપુર ગામે વિકસિત ભારતનો સંકલ્પ યાત્રાને ગ્રામજનોએ આવકાર આપ્યો હતો. આ પ્રસંગે આયોજિત કાર્યક્રમમાં લોકોને કેન્દ્ર રાજ્ય સરકારની યોજનાઓનો લાભ લેવા માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા. સાથે જ તેના લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે અગ્રણી કિરીટભાઈ પટેલે જણાવ્યું કે, ભારત સંકલ્પ યાત્રાના માધ્યમથી કેન્દ્ર રાજ્ય સરકારની યોજનાઓના લાભો લોકો સુધી પહોંચાડવામાં આવી રહ્યા છે. વિશેષમાં તેમણે કહ્યું કે, જૂનાગઢ જિલ્લાના વર્ગ-૧ના મોટાભાગના અધિકારીઓ સરકારી પ્રાથમિક શાળામાં અભ્યાસ કર્યો છે. તેમ જણાવી ઉપસ્થિત વિદ્યાર્થીઓને શિક્ષણ ક્ષેત્રે આગળ વધવા માટે પ્રેરિત કર્યા હતા. સાથે જ નવોદય અને સૈનિક સ્કૂલમાં પ્રવેશ માટેની પરીક્ષા આપવા પણ જણાવ્યું હતું.આ પ્રસંગે અગ્રણી દિનેશભાઈ મૈતરે વિજાપુર-સોડવદર રસ્તો મંજૂર કરવા માટે જહેમત ઉઠાવનાર કિરીટભાઈ પટેલનો આભાર માન્યો હતો.આ પ્રસંગે મેરી કહાની મેરી જુબાની અંતર્ગત સરકારી યોજનાના લાભાર્થીઓએ પોતાના પ્રતિભાવો આપ્યા હતા. ઉપરાંત હેલ્થ કેમ્પના માધ્યમથી ગ્રામજનોએ આરોગ્ય સેવાઓનો લાભ મેળવ્યો હતો.આ પ્રસંગે નલ સે જલ યોજનાના સફળ અમલીકરણ માટે ગ્રામ પંચાયતને અભિનંદન પત્ર એનાયત કરવામાં આવ્યો હતો. અંતમાં ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના નિર્માણ માટે સંકલ્પબદ્ધ થતા ગ્રામજનોઆ પ્રસંગે અગ્રણી પ્રવીણભાઈ હુંમર, તાલુકા પંચાયતના સદસ્ય દિલીપભાઈ હુંમર, તાલુકા વિકાસ અધિકારી ડો. રાજેન્દ્ર ઠાકોર, વિસ્તરણ અધિકારી ગાયત્રીબેન શર્મા, સરપંચ પરેશભાઈ મોરવાડિયા સહિતના પદાધિકારી-અધિકારી અને જુદા જુદા વિભાગના કર્મચારીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# શ્રી સમસ્ત ક્ષત્રિય રાજપૂત સમાજ જૂનાગઢની સમાજ ઉત્કર્ષ માટે સર્કિટ હાઉસ ખાતે બેઠક મળી

## દરેક સમાજને સાથે રાખીને સમાજ ઉત્કર્ષ માટે રચનાત્મક કાર્યો કરવા જોઈએ : ભૂપેન્દ્રસિંહ ચુડાસમા





જૂનાગઢ, તા.૨૩

શ્રી સમસ્ત રાજપુત ક્ષત્રિય સમાજ જૂનાગઢ જેમાં કાઠી સમાજ, હા ટી સમાજ, ગિરાસદાર સમાજ, સોરઠીયા સમાજ, કારડીયા સમાજ, પુરબિયા સમાજ, ભાટ્ટી સમાજ, મૈયા સમાજ સહિત સંયુક્ત ક્ષત્રિય સમાજની બેઠક સર્કિટ હાઉસ ખાતે સમસ્ત ક્ષત્રિય સમાજના વડીલ અને માર્ગદર્શક અને સમાજની સતત ચિંતા અને ચિંતન કરનારા પૂર્વ કેબિનેટ શિક્ષણ મંત્રી ભુપન્દ્રસિંહ ચુડાસમાની અધ્યક્ષતામાં મળી હતી જેમાં દરેક સમાજના મુખ્ય જવાબદાર લોકો ઉપસ્થિત રહ્યા હતા. સમસ્ત ક્ષત્રિય સમાજના ઉત્કર્ષ માટે ખૂબ જ ગહન ચર્ચા વિચારણા વિચાર વિમર્શ કરવામાં આવ્યા હતા અને પૂર્વ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ માર્ગદર્શન આપ્યું હતું અને મિટિંગના અંતે એવું નક્કી કરવામાં આવ્યું હતું કે સમાજના ઉત્કર્ષ માટે દરેક જિલ્લામાં વિદ્યાર્થીઓ માટેના સંકુલો ઊભા કરવા જોઈએ એના માટે ફંડ એકત્ર કરી એનું આયોજન કરી અને કાર્ય આવનારા સમયમાં કરવામાં આવશે તેમજ વિવિધ વ્યવસાયો માટે બિઝનેસ માટે પણ સેમિનારોનું આયોજન કરવું જોઈએ સમાજના વિદ્યાર્થી ભાઈ-બહેનો ઉચ્ચ અભ્યાસ કરી અને સરકારી નોકરીઓ વધુમાં વધુ મેળવે તેમજ વિવિધ વ્યવસાયોની અંદર પણ ઉચ્ચ સ્થાને પહોંચે તે માટે પણ આયોજન કરવામાં આવ્યું હતું.

શ્રી સમસ્ત ક્ષત્રિય રાજપૂત સમાજ જૂનાગઢ દ્વારા ભૂપેન્દ્રસિંહ ચુડાસમાનું શાલ ઓઢાડી અને સન્માન કરવામાં આવ્યું હતું. આ મિટિંગમાં રામભાઈ વાળા, ડો.જીતુભાઈ ખુમાણ, નાગભાઈ વાળા, શિવભાઈ વાળા, યોગીભાઈ પઢીયાર, ચંદ્રેશભાઈ હેરમા, હરિભાઈ પરમાર, દીપુભાઈ પરમાર, હેમલભાઈ ઠાકોર, હિંમતસિંહ ભાટી, પ્રતાપસિંહ ઓરા, રઘુવીરસિંહ ચુડાસમા, ઠારણભાઈ ઉદયભાઈ ઝુંજીયા, ભાવેશભાઈ પરમાર, કનુભા પરમાર સહિતના ક્ષત્રિય સમાજના લોકો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો. જીતુભાઈ ખુમાણ એ કર્યું હતું.

# રાજ્યના કૃષિ અને જીલ્લાના પ્રભારી મંત્રી રાઘવજીભાઈ પટેલ આવતીકાલ તા. ૨૪મીએ જૂનાગઢ જીલ્લાના પ્રવાસે

## મેંદરડા ખાતે પશુ દવાખાનાનું લોકાર્પણ કરશે : સમઢીયાળા ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં પણ સહભાગી થશે

જૂનાગઢ, તા.૨૩

રાજયના કૃષિ અને પશુપાલન તથા જૂનાગઢ જિલ્લાના પ્રભારી મંત્રી રાઘવજીભાઈ પટેલ તા.૨૨-૧૨-૨૦૨૩ના રોજ જૂનાગઢ જિલ્લાના પ્રવાસે આવશે. મંત્રીસવારે ૧૧.૦૦ કલાકે મેંદરડા ખાતે આલીદ્રા રોડ પર, પાણીના ટાંકાની બાજુમાં, પીજીવીસીએલની ઓફિસ સામેના પશુ દવાખાનાનું લોકાર્પણ કરવાની સાથે પશુ શિબિરમાં સહભાગી થશે. બપોરે ૩ કલાકે મેંદરડા તાલુકાના સમઢીયાળા ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રાના અનુસંધાને આયોજિત કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. ત્યારબાદ સાંજે ૫ કલાકે મહાનગરપાલિકા દ્વારા આયજિત પી.એમ. સ્વનિધિ યોજનાના લાભાર્થીઓ સાથે સ્નેહમિલન કાર્યક્રમમાં સહભાગી બનશે. આ કાર્યક્રમ પૂર્ણ થયા બાદ સર્કિટ હાઉસ ખાતે મહાનગરપાલિકાની સંકલન બેઠકમાં ઉપસ્થિત રહેશે.

# આજે ખેડૂત દિવસ : ડો.જી.આર.ગોહિલ

સમાજમાં તેમના યોગદાન માટે તમામ જવાબદાર ખેડૂતોનું સન્માન અને પ્રશંસા કરવા માટે, દર વર્ષે ૨૩ ડિસેમ્બરે રાષ્ટ્રીય ખેડૂત દિવસ ઉજવવામાં આવે છે. આ દિવસ ભારતના પાંચમા વડાપ્રધાન ચૌધરી ચરણસિંહની જન્મ જયંતિની યાદમાં મનાવવામાં આવે છે વિકાસશીલ ભારતમાં ખેડૂતોની ભૂમિકાને માન આપવા અને સ્વીકારવા માટે તે ઉજવવામાં આવે છે. તે અવતરણો, શુભેચ્છાઓ, સંદેશાઓ, સૂત્રોચ્ચાર, ખેડૂતો પરની કવિતાઓ વગેરે તપાસો.ખેડૂત દિવસ ખેડૂતોને દેશની કરોડરજ્જુ માનવામાં આવે છે અને ૨૩મી ડિસેમ્બર ખેડૂતોને સમર્પિત છે. તે આશ્ચર્યજનક નથી કે એક દિવસ ઉજવવામાં આવે અને ખેડૂતોને સમર્પિત કરવામાં આવે.આ દિવસે, ખેડૂતોની ભૂમિકા અને અર્થવ્યવસ્થામાં તેમના યોગદાન વિશે લોકોને શિક્ષિત કરવા દેશભરમાં જાગૃતિ અભિયાન અને ડ્રાઈવનું આયોજન કરવામાં આવે છે.ભારત મુખ્યત્વે કૃષિ આધારિત દેશ છે; રાષ્ટ્રીય અર્થવ્યવસ્થા અને ભારતના નાગરિકો દેશના વિકાસને ટકાવી રાખવા માટે ખેડૂતો પર ખૂબ આધાર રાખે છે. આઝાદી પૂર્વેથી આઝાદી પછીના સમય સુધી, સિંહે ખેડૂતોના સુધારા માટે વિવિધ બિલોની હિમાયત કરીને અને પસાર કરીને ભારતના કૃષિ ક્ષેત્રને આકાર આપવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. આ ઘટનાઓ ખેડૂત સમુદાય પર નોંધપાત્ર અસર કરે છે અને તેમને તેમની આકાંક્ષાઓ અને માંગણીઓને અવાજ આપવા માટે પ્લેટફોર્મ પ્રદાન કરે છે. કૃષિ વૈજ્ઞાનિકો ખેડૂતોને તેમના ઉત્પાદનને મહત્તમ કરવામાં મદદ કરવા માટે ટેકનોલોજી અને વિજ્ઞાનમાં નવીનતમ પ્રદર્શન કરે છે. સરકાર વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરીને ખેડૂતોને ટેકો પણ આપે છે જેમાં વિજેતાઓને ઈનામો આપવામાં આવે છે. આ દિવસે, દેશના ઘણા ભાગોમાં કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે જ્યાં




ખેડૂતોને તેમની જરૂરિયાતો અને લક્ષ્યો વિશે વાત કરવા માટે મંચ મળે છે. વિજ્ઞાન અને ટેક્નોલોજીમાં નવીનતાઓ પણ ખેડૂતો સમક્ષ રજૂ કરવામાં આવે છે જેથી તેઓનું મહત્તમ ઉત્પાદન થાય. વિવિધ કાર્યક્રમો, ચર્ચાઓ, પરિસંવાદો, પ્રશ્નોત્તરી સ્પર્ધાઓ, ચર્ચાઓ, કાર્યશાળાઓ, પ્રદર્શનો, નિબંધ લેખન સ્પર્ધાઓ અને કાર્યોનું આયોજન કરીને ઉજવવામાં આવે છે.

ભારતમાં, કૃષિ આવકનો મુખ્ય સ્ત્રોત છે અને દેશના અર્થતંત્રની કરોડરજ્જુ છે; ભારતની લગભગ ૮૦% ગ્રામીણ વસ્તી દેશના જીડીપીમાં ૧૪ થી ૧૫% યોગદાન આપે છે. ભારતીય ખેડૂતો આપણા રાષ્ટ્રના વિકાસમાં મોખરે છે, અને આપણે જે ખાદ્યપદાર્થો ખાઈએ છીએ તેનાથી લઈને અમે શહેરોમાં ઓફર કરીએ છીએ તે સામગ્રી માટેના કાચા સંસાધનો સુધી બધું જ બનાવવા તેઓ સખત મહેનત કરે છે.. તેમ છતાં, વાતાવરણની સમસ્યા જેવી ખેડૂતો વિવિધ સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે.

# ઈન્ટર પોલિટેક્નિક સંવાદ કોમ્પિટિશન-૨૦૨૩ના વિજયી વિદ્યાર્થીઓને અભિનંદન

જૂનાગઢ, તા.૨૩

પોલિટેક્નિક ઈન એનિમલ હસ્બન્ડરી, કામધેનુ યુનિવર્સીટી, જૂનાગઢ દ્વારા તા. ૨૯/૧૧/૨૦૨૩ ના રોજ ઈન્ટર પોલિટેકિનક -સંવાદ કોમ્પિટિશન-૨૦૨૩ નું આયોજન થયેલ હતું જેમાં કુલ છ કોલેજના વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો. જેમાં વક્તૃત્વ સ્પર્ધા, ચર્ચાસભા અને શીઘ્રવકતત્વ સ્પર્ધાઓ યોજાયેલ. જેમાં નોબલ યુનિવર્સીટી પોલિટેકિનક એનિમલ હસ્બન્ડરીના કુલ ૦૪ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ



લીધેલ હતો. જેમાં ઝણકાટ દિવ્યરાજસિંહ અને ઓઠા ગાઝા વાદી અને પ્રતિવાદી તરીકે પ્રથમ ક્રમાંકે વિજયી બન્યા હતા તેમજ અગ્રાવત જહાન્વી વક્તૃત્વ સ્પર્ધામાં ત્રીજા ક્રમે અને ચોવટીયા પ્રેમ શીઘ્રવકતૃત્વ સ્પર્ધામાં ત્રીજા ક્રમે વિજયી બન્યા હતા. ડો.તર્પણ આર કુંભાણીનાં માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો. નોબલ યુનિવર્સીટીના એનિમલ હસ્બન્ડરીના આ તમામ વિદ્યાર્થીઓને સમગ્ર સ્પર્ધાના ચેમ્પીયન ઘોષિત કરેલ હતા. આ વિચાર અભિવ્યક્તિની સહજમાસિક પ્રવુતિઓમાં શ્રેષ્ઠતમ દેખાવ બદલ વિદ્યાર્થીઓને અને તેમના માર્ગદર્શકને નોબલ યુનિવર્સીટીના પ્રેસિડેન્ટ, મેનેજમેન્ટનાં તમામ સભ્યો, પ્રોવોસ્ટ અને પોલિટેકિનક એનિમલ હસ્બન્ડરીના પ્રિન્સિપાલ દ્વારા હાર્દિક અભિનનાં પાઠવવામાં આવેલ હતા.

# બગડુ ગામે કપિંગ થેરાપીનો ફ્રી નિદાન કેમ્પ યોજાશે

## ચામડીના રોગ, કમર અને ગોઠણના દુખાવા, માથાના દુખાવાની સારવાર ડો.પ્રતીક્ષા વિનામૂલ્ય આપશે


જૂનાગઢ, તા.૨૩

મેંદરડા તાલુકાના બગડુ ગામે કપિંગ થેરાપી માટેનો નિદાન કેમ્પ તદ્દન વિનામૂલ્ય આગામી તા. ૨૪ જાન્યુઆરી , રવિવારના રોજ યોજાનાર છે. આ કેમ્પ જૂનાગઢ જિલ્લા લેઉવા પટેલ મહિલા મંડળ અને હીરાદીપ ચેરીટેબલ ટ્રસ્ટ તેમજ દાતાઓના સહયોગથી યોજાનાર છે તેમજ બગડુ ગામના સરપંચ રસિકભાઈ વેકરીયા અને સમૂહ લગ્નના પ્રણેતા સામાજિક અગ્રણી હરસુખભાઈ વઘાસીયા આ કેમ્પ ને સફળ બનાવવા જહેમત ઉઠાવી રહ્યા છે.આ કેમ્પમાં જૂનાગઢના જાણીતા કપિંગ થેરાપીસ્ટ ડો.પ્રતીક્ષા મેડમ દર્દીઓને સારવાર આપશે. આ કેમ્પનું આયોજન બગડું ખાતે બસ સ્ટેશન ની બાજુમાં આવેલ હાઈસ્કૂલંના પરિસરમાં આગામી તારીખ ૨૪ને રવિવારના રોજ સવારે ૧૦ થી ૨ સુધી કરવામાં આવ્યું છે. ચામડીના રોગ, કમર, ગોઠણ અને માથાના દુઃખાવાની તકલીફ સ્કીન એલર્જી અને ધાધર થી પીડાતા દર્દીઓ આ કેમ્પમાં વિનામૂલ્ય લાભ લઈ શકશે. ડો.પ્રતિક્ષા એ જણાવ્યું હતું કે કપિંગ થેરાપીથી રોગપ્રતિકારક શક્તિ વધે છે, રક્ત પરિભ્રમણ સુધરે છે, શરીરને ડીટોક્સીકાય કરે છે. ઉર્જા સ્તર અને માનસિક સ્પષ્ટતા વધે છે, ઝેર દૂર કરે છે પેશીઓ અને આંતરિક અવયવોને ઉત્તેજિત કરે છે.

# પૂજ્ય મોરારી બાપૂએ ગીતા જયંતી નિમિત્તે દરેક વ્યક્તિને ભગવદ ગીતા વાંચવા અપીલ કરી

અમદાવાદ, તા.૨૩

જાણીતા આધ્યામિક ગુરૂ અને રામચરિત માનસના પ્રચારક પૂજ્ય મોરારી બાપૂએ ગીતા જયંતિની ઉજવણી માટે ગીતા માનીષી સ્વામી શ્રી જ્ઞાનાનંદજી મહારાજ દ્વારા કરાયેલી અપીલને સપોર્ટ કર્યો છે તથા દરેક વ્યક્તિને ભગવદ ગીતાના પવિત્ર શ્લોકોને જીવનમાં અપનાવવા અપીલ કરી હતી. પાંચ હજાર વર્ષ પહેલાં કુરૂક્ષેત્રમાં મહાભારત દરમ્યાન ભગવાન શ્રીકૃષ્ણએ ભગવદ ગીતાનું પઠન કર્યું હતું, જેની વર્ષગાંઠ નિમિત્તે ગીતા જયંતિની ઉજવણી કરાય છે. આ પ્રસંગ ખૂબજ આધ્યાત્મિક મહત્વ ધરાવે છે. આ શુભ પ્રસંગ નિમિત્તે પૂજ્ય બાપૂએ ગીતા માનીષી સ્વામી શ્રી જ્ઞાનાનંદ જી મહારાજના પ્રયાસોને સપોર્ટ આપ્યો હતો કે જેમણે ભગવદ ગીતાના ઉપદેશોના પ્રસાર કરવામાં પોતાનું જીવન સમર્પિત કર્યું હતું. પૂજ્ય બાપૂએ જણાવ્યું હતું કે, ભગવદ ગીતા જ્ઞાન અને શાણપણ આપતો ગ્રંથ છે. ગીતા માનીષી સ્વામી શ્રી જ્ઞાનાનંદજી મહારાજે ગીતા જયંતીની ઉજવણી દરમિયાન દરેક ઘરમાં



ભગવદ ગીતા વાંચવાની અપીલ કરી છે. હું આ અપીલથી ખૂબ જ ખુશ છું અને નમ્રતાપૂર્વક દરેકને તેમના નેતૃત્વ હેઠળ શુભ પ્રસંગની ઉજવણીમાં આદરપૂર્વક ભાગ લેવા વિનંતી કરૂ છું. આદરણીય ગીતા માનીષી સ્વામી શ્રી જ્ઞાનાનંદજી મહારાજ જીઆઈઈઓ ગીતા (ગ્લોબલ ઈન્સપિરેશન એન્ડ એનલાઈટમેન્ટ ઓર્ગેનાઈઝેશન ઓફ ભગવદ ગીતા) અને ગીતા જ્ઞાન સંસ્થાનમ, કુરૂક્ષેત્રના સ્થાપક છે, જેમણે ભગવદ ગીતાના ઉપદેશોના પ્રસારમાં જીવન સમર્પિત કર્યું છે.

# અમદાવાદના પારસ જીનેટક પ્રા.લિ.ના ડાયરેકટર આશ્રી દોશી ગુજરાતના કૃષિમંત્રી રાઘવજીભાઈ પટેલના હસ્તે સન્માનિત

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૨૩

અમદાવાદ ખાતે તા. ૨૧-૧૨-૨૦૨૩ના રોજ અમદાવાદના પારસ જીનટેક પ્રા.લિ.ના ડાયરેક્ટર આશ્રી દોશીને આ કૃષિ બિયારણમાં તેમના ઉત્કૃષ્ટ યોગદાન બદલ ગુજરાતના કૃષિ મંત્રી રાઘવજી પટેલ દ્વારા પ્રતિષ્ઠિત પ્રશંસા પુરસ્કાર અર્પણ કરવામાં આવેલ. હોટલ તાજ, ગાંધીનગર ખાતે આયોજિત ગુજરાત સીડ ઈન્ડસ્ટ્રી એસોસિએશન દ્વારા આયોજિત ત્રીજી ગુજરાત બીજ કોંગ્રેસ




૨૦૨૩ માં કૃષિ પદ્ધતિઓને આગળ વધારવામાં નવીનતા અને શ્રેષ્ઠતા પ્રત્યે આશ્રી દોશીની અવિરત પ્રતિબદ્ધતાને બિરદાવેલ. આ કાર્યકર્મમાં સમગ્ર ભારતની કૃષિ ક્ષેત્રની અગ્રણી વ્યક્તિઓ, સરકારી અધિકારીઓ અને વિવિધ કૃષિ સંસ્થાઓના પ્રતિનિધિઓએ હાજરી આપી હતી.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

તંત્રી લેખ

## કોરોનાના કેસોમાં કોઈપણ પ્રકારની લાપરવાહી બની શકે છે જોખમી

કેરળમાં કોવિડ-૧૯ના નવા વેરિયન્ટ જેએન૧નો પહેલો કેસ નોંધાયા બાદ કેન્દ્ર સરકારે રાજ્યોને જે એડવાઈઝરી જારી કરી છે, તેને પૂરતી ગંભીરતાથી લેવાની જરૂર છે. રાજ્યોને પણ કહેવામાં આવ્યું છે કે તેઓ કોવિડ સંબંધી આરટીપીસીઆર ટેસ્ટ વધારે. સંતોષની વાત છે કે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી મનસુખ માંડવિયાએ તમામ રાજ્યોના સ્વાસ્થ્ય મંત્રીઓની એક બેઠક બોલાવી છે, જેથી કોરોના અને શ્વાસ સંબંધી અન્ય રોગો પર વ્યાપક વિચાર કરી શકાય. કોરોનાના કેસોમાં કોઈ પ્રકારની લાપરવાહી ફરીથી એક મોટી કિંમત વસૂલી શકે છે, તેથી રાજ્યોએ કેન્દ્ર સાથે બહેતરતાલમેલ બેસાડતાં તમામ સતર્કતાનાં પગલાં ભરવાં પડશે. કેરળ સાથે જોડાયેલ કર્ણાટકમાં રાજ્ય સરકારે સાઈઠ વર્ષથી વધુ ઉંમરના પોતાના નાગરિકોને કોઈપણ ગંભીર રોગના શિકાર લોકોને સલાહ આપી છે કે બહાર નીકળતી વખતે માસ્કનો ઉપયોગ કરો. આ મામલે તત્પરતા કેટલી જરૂરી છે એ વાત માત્ર બે તથ્યોથી ઉજાગર થાય છે - કેરળમાં માત્ર આ મહિને જ કોરોનાથી ૧૯ લોકોનાં મોત થઈ ગયાં છે, જ્યારે મહારાષ્ટ્રમાં કેટલાય મહિના બાદ પહેલી વાર એક દિવસમાં કોવિડ સંક્રમિતોની સંખ્યા બેવડા અંકમાં પહોંચી ગઈ છે.

જેએન૧ વેરિયન્ટના કેસો ચીન, અમેરિકા અને સિંગાપોર વગેરે કેટલાય દેશોમાં પણ મળ્યા છે, તેથી તેના વૈશ્વિક પ્રસારની આશંકા અસ્થાને નથી. રાહતની વાત એ છે કે કેરળની જે બુઝુર્ગ મહિલામાં આ વેરિયંટની ખબર પડી હતી તે કોવિડથી સાજી થઈ ગઈ છે અને વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને પણ કહ્યું છે કે અત્યાર સુધી એ વાતના કોઈ પ્રમાણ નથી મળ્યા કે આ નવો વેરિયંટ સાર્વજનિક સ્વાસ્થ્ય માટે મોટું જોખમ પેદા કરે છે. છતાં આપણે પૂરતી સાવધાની રાખતાં આગળ વધવું જોઈએ. કોરોનાની બીજી લહેર બાદ સ્વાસ્થ્ય ક્ષેત્રે ઘણી પ્રગતિ થઈ છે. હોસ્પિટલો અને અન્ય માળખાગત સુવિધાઓના વિકાસ પર ભાર મૂકાયો છે. પરંતુ એ તથ્યને નજરઅંદાજ ન કરી શકાય કે તમામ તૈયારીઓને પંગુ સાબિત કરે તેટલી આબાદી આપણી પાસે છે. યાદ કરો, ભારતમાં કોવિડ-૧૯નો પહેલો કેસ કેરળમાં અને શિયાળામાં જ આવ્યો હતો. તેથી મોસમને નજરઅંદાજ ન કરી શકાય. પછી આ દિવસોમાં જે પ્રકારની મોસમી અનિયમિતતા જોવા મળી રહી છે, તે અનેક બીમારીઓનું મૂળ છે. તમિલનાડુમાં છેલ્લા કેટલાય દિવસોથી જબરદસ્ત વરસાદ થઈ રહ્યો છે. રાહત અને બચાવ માટે સેનાને બોલાવવી પડી છે. એવામાં કોવિડના કેસોમાં વૃદ્ધિ શાસન-પ્રશાસન આગળ કેટલો મુશ્કેલ પડકાર ઊભો કરશે, તેની કલ્પના પણ ન કરી શકાય. મહામારી બાદ હૃદયાઘાતની ઘટનાઓ દુનિયાભરમાં વધી છે અને ખાસ કરીને યુવા આબાદીમાં તેની વધતી સંખ્યા ચિંતાજનક છે. ભારતીય આયુર્વિજ્ઞાન સંશોધન પરિષદના એક અધ્યયન બાદ કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રીએ સલાહ આપી હતી કે જે કોવિડ-૧૯ના ગંભીર શિકાર રહ્યા છે, તેમણે થોડા સમય સુધી વધુ શારીરિક શ્રમ, જહેમતથી બચવું જોઈએ. તેથી કોવિડ સંક્રમણ સાથે જોડાયેલી કોઈપણ માહિતી અને સલાહને પૂરતી ગંભીરતાથી અનુસરવી જોઈએ.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

શ્યામ ઈતના ન દીજીએ, જામે કુટુંબ સમાય, મૈ ભી ભૂખા ન રહું સાધુ ભી ભૂખા ન જાય.

- કબીરજી

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૫, પા.અમરદાદ-૧૩૯૩, મુ. જમા-ઉલ્લ-આખર-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, માગસર સુદ-૧૧ મોક્ષદા એકાદશી (ભાગવત-અખંડ દ્વાદશી, વૈષ્ણવ), બારસનો ક્ષય છે તા.૨૩ ડિસેમ્બર ૨૦૨૩, શનિવાર, પારસી તા.૧૦, મુસ્લિમ તા.૯, ભરણી નક્ષત્ર, શિવ યોગ, બવ કરણ, સૂ.ઉ.૭:૩૦, સૂ.અ.૬:૧૧

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી મેષ (અ લ ઈ), પરોઢે ૩:૧૯ ક. પછી જન્મેલા બાળકની રાશી વૃષભ (બ વ ઉ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: માનસિક તાણ હળવી બને. પરૂષાર્થનું ફળ મળે.
વૃષભ: મહત્વના નિર્ણયો અમલનમાં ન મૂકવા હિતાવહ.
મિથુન: વિશેષ કાર્યબોજ રહે. માનસિક અસ્વસ્થતા રહે.
કર્ક: મનમાં મૂંઝવણ રહે. આર્થિક સમસ્યાનો ઉકેલ આવે.
સિંહ: વ્યર્થ વ્યાધિનો સામનો કરવો પડે. માનસિક અશાંતિ રહે.
કન્યા: મુશ્કેલીમાં માર્ગ મળી રહે. નવિન સમાચાર લાભદાયી રહે.
તુલા: દિવસ દરમિયાન હળવાશ અનુભવાય. આર્થિક સમસ્યા હળવી બને.
વૃશ્ચિક: આકસ્મીક ધનલાભના યોગ. પુરૂષાર્થથી શુભ ફળ મેળવી શકશો.
ધન: વ્યર્થ ચિંતામાં દિવસ વ્યતિત થાય. ધારેલા કાર્યોમાં અચાનક રૂકાવટ આવે.
મકર: જીવનસાથી સાથે સંઘર્ષ થાય. માનભંગનો પ્રસંગ બને.
કુંભ: આવક કરતા જાવકનું પાસુ વિશેષ રહે. પ્રવાસમાં હાનિનો સંભવ.
મીન: મહત્વના કાર્યમાં સફળતા મળે. મનની મુરાદ પૂરી થાય.

### વિશ્વ આરોગ્ય સંસ્થાના પૂર્વ પ્રમુખ વિજ્ઞાનીની કોરોના અંગે ચેતવણી

# કોરોનાનો નવો વેરિયન્ટ ચિંતાજનક નથી, સાવચેતી જરૂરી : ડો. સૌમ્યા સ્વામીનાથન

નવી દિલ્હી, તા.૨૩

દેશમાં એકવાર ફરી કોરોના વધતો જઈ રહ્યો છે. કોરોનાનો નવો સબ વેરિયન્ટ જેએન-૧ ચિંતાનો વિષય બનેલો છે.

આ દરમિયાન વિશ્વ આરોગ્ય સંસ્થાના પૂર્વ પ્રમુખ વિજ્ઞાની ડો. સૌમ્યા સ્વામીનાથને કહ્યુ કે હાલ કોરોનાથી ગભરાવાની જરૂર નથી. આ જોખમી નથી. આ ચિંતાનો વિષય નથી. જોકે, સ્વામીનાથનનું કહેવુ છે કે સાવધાની રાખવી જરૂરી છે. લોકોએ એલર્ટ રહેવાની જરૂર છે. ઉલ્લેખનીય છે કે સ્વામીનાથન ભારતીય તબીબી સંશોધન પરિષદ (આઈસીએમઆર) ના પ્રમુખ પણ રહી ચૂક્યા છે.

સ્વામીનાથને જણાવ્યુ કે આપણે સતર્ક રહેવાની જરૂર છે. આપણે ચિંતા કરવાની જરૂર નથી. અમારી પાસે સૂચન આપવા માટે હાલ કોઈ ડેટા નથી. આપણે માત્ર સામાન્ય બચાવ ઉપાયની જરૂર છે. આપણે સતર્કતા રાખવાની જરૂર છે.

લોકોએ માસ્ક વિના ઓછા વેન્ટિલેશન વાળા સ્થળમાં રહેવાથી બચવુ જોઈએ. જો તમે આવા કોઈ વિસ્તારમાં છો તો માસ્ક જરૂર પહેરો. કોઈ સંક્રમિત વ્યક્તિની પાસે જવાથી બચો. ખુલ્લા સ્થળમાં રહેવાનો પ્રયત્ન કરો. જો તાવ કે શ્વાસ ફૂલવા જેવી કોઈ પણ સમસ્યા થાય તો હોસ્પિટલ જરૂર જાવ. આપણે એ ધ્યાન રાખવુ પડશે કે અત્યારે શિયાળાની સીઝન છે. આપણે સાવધાની રાખવાની જરૂર છે.

ભારતમાં અત્યાર સુધી ૨૧ કેસ સામે આવ્યા છે, જેનાથી લોકોમાં ફરીથી ગભરામણ થઈ રહી છે. ડબલ્યુએચઓએ પણ જણાવ્યુ છે કે વર્તમાન પુરાવાના આધારે જેએન-૧ નું જોખમ ઓછુ છે.

આ સીઝનમાં શરદી-ખાંસી થવી સામાન્ય બાબત છે, પરંતુ કોરોનાના બદલેલા સ્વરૂપના આવ્યા બાદ તેને હળવાશમાં લઈ શકાય નહીં. જો કોઈ દર્દીને શરદી-ખાંસી લાંબા સમયથી છે તો તેને કોરોનાની તપાસ કરાવવી જોઈએ. આવા દર્દીઓમાં કોરોનાના કેસ મળી શકે છે. જોકે, અત્યાર સુધી આવેલા કેસોમાં આ વધુ ગંભીર જોવા મળ્યુ નથી, પરંતુ બચાવ માટે સતર્ક રહેવુ વધુ જરૂરી છે.

કોવિડ નિયમોનું પાલન કરો: માસ્ક પહેરો, પોતાના હાથને વારંવાર સાફ કરો. સામાજિક અંતર જાળવો.

આ લોકોને વધુ જોખમ: વૃદ્ધ, બાળકો, ડાયાબિટીસ, હાઈ બ્લડ પ્રેશર અને શ્વસન દર્દીઓ, કેન્સર, હૃદય અને અન્ય રોગોથી બીમાર લોકો.

કોરોનાના શરૂઆતી લક્ષણઃ સતત તાવ રહેવો, સૂકી ખાંસી, થાક, શ્વાસ લેવામાં તકલીફ, નાક વહેવુ, ગળામાં ખારાશ, નાક બંધ થવું.

### દેશમાં કોરોનાની વધતી ગતિએ ચિંતા વધારી

# દેશમાં કોરોનાએ જોર પકડ્યું, ૨૪ કલાકમાં ૬૪૦ નવા કેસ

**ત્રણ હજાર એક્ટિવ કેસ, કેરળમાં ૨૬૫ નવા કેસ નોંધાયા**

નવી દિલ્હી, તા.૨૩

દેશમાં ફરી એકવાર કોરોનાના કેસ વધી રહ્યા છે. તે જ સમયે, કેરળ, રાજસ્થાન અને મહારાષ્ટ્રમાં પણ કોરોનાના કેસ નોંધાયા છે. જે બાદ કેન્દ્ર સરકારે રાજ્ય સરકારોને એલર્ટ રહેવાનું સૂચન કર્યું છે.

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (ડબલ્યુએચઓ) ના ભૂતપૂર્વ મુખ્ય વૈજ્ઞાનિક ડૉ. સૌમ્યા સ્વામીનાથને લોકોને ખાતરી આપી છે કે અત્યારે ગભરાવાની જરૂર નથી.

કોવિડ ૧૯ નવા પ્રકાર જેએન૧ લાઈવ અપડેટ્સ: દેશમાં ફરી એકવાર કોરોનાના કેસ ધીમે ધીમે વધી રહ્યા છે. દેશમાં કોરોનાના નવા પ્રકાર સ્ટ્રેન જેએન.૧ની શોધ બાદ કેન્દ્ર અને રાજ્ય સરકારો સતર્ક થઈ ગઈ છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, કેરળમાં ૨૦ ડિસેમ્બરે કોવિડ-૧૯ ના ૩૦૦ નવા સક્રિય કેસ અને ત્રણ મૃત્યુ નોંધાયા છે. તે જ સમયે, દેશમાં કોવિડ -૧૯ ના સક્રિય કેસોની કુલ સંખ્યા ૨,૯૯૭ છે.

દરમિયાન, વિશ્વ આરોગ્ય સંસ્થા (ડબલ્યુએચઓ) ના ભૂતપૂર્વ મુખ્ય વૈજ્ઞાનિક ડૉ. સૌમ્યા સ્વામીનાથને લોકોને ખાતરી આપી છે કે અત્યારે ગભરાવાની જરૂર નથી.

સ્વામીનાથને એ હકીકત તરફ ધ્યાન દોર્યું કે સંયુક્ત રાષ્ટ્રની આરોગ્ય એજન્સી તણાવને રસના પ્રકાર તરીકે વર્ગીકૃત કરે છે, ચિંતાના પ્રકાર તરીકે નહીં.

### કોરોનાના વેરિયન્ટ જેએન-૧નો ભારે ભય

# સિરમ જેએન-૧ માટે પણ વેક્સિન બનાવશે, લાયસન્સ માટે અરજી

**સીરમે કોવિશીલ્ડ બનાવી હતી જેનો ભારતમાં મહામારી દરમ્યાન પ્રથમ અને બીજી લહેર વખતે ઉપયોગ કરાયો**

પૂણે, તા.૨૩

કોરોના વાયરસે ફરી એકવાર દેશમાં અનેક લોકોને ઝપટમાં લેવાનું શરૂ કર્યું છે. તેની પાછળ મુખ્ય કારણ આ વાયરસનું નવું વેરિયન્ટ જેએન.૧ મનાઈ રહ્યું છે.

જોકે હવે ગભરાવાની જરૂર નથી કેમ કે એવા સમાચાર મળી રહ્યા છે કે ટૂંક સમયમાં જ જેએન.૧ વેરિયન્ટ માટે પણ વેક્સિન આવશે.

માહિતી અનુસાર કેટલાક અહેવાલોમાં દાવો કરાયો છે કે પૂણેમાં આવેલી સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા જલદી જ ભારતમાં નવા જેએન.૧ વેરિયન્ટની વેક્સિન માટે અરજી કરવાની તૈયારીમાં છે. કંપનીના પ્રવક્તાનું કહેવું છે કે સીરમ ઈન્સ્ટિટ્યૂટ હાલમાં કોરોનાના એક્સબીબી૧ વેરિયન્ટ માટે એક વેક્સિન રજૂ કરી શકે છે. જે જેએન.૧ વેરિયન્ટ જેવું જ છે. આવનારા મહિનાઓમાં અમે ભારતમાં આ વેક્સિન માટે લાયસન્સ મેળવવાનું લક્ષ્ય ધરાવીએ છીએ.

રિપોર્ટમાં એ પણ જણાવાયું છે કે નિયામકોને સોંપ્યા બાદ દસ્તાવેજો લોકો સાથે શેર કરવામાં આવશે.

અદાર પૂનાવાલાના નેતૃત્વ હેઠળની સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાએ કોવિશીલ્ડ વેક્સિન બનાવી હતી જેનો ભારતમાં કોરોના મહામારી દરમિયાન પ્રથમ અને બીજી લહેર વખતે વ્યાપક રીતે ઉપયોગ કરાયો હતો. તેને ઓક્સફર્ડ યુનિવર્સિટી અને એસ્ટ્રાજેનેકા દ્વારા વિકસિત કરાઈ હતી.

### સાક્ષીની નિવૃત્તીની જાહેરાતથી રાજકારણ ગરમાયું

# ભાજપનું સૂત્ર દિકરીઓને રડાવો, હેરાન કરો, ઘરે બેસાડો : સુરજેવાલા

**દીકરીઓને ન્યાય ન આપી બૃજભૂષણની ધરપકડ ન કરાઈ, ભાજપનો તમામ રમતગમત સંગઠનો પર કબજો**

નવી દિલ્હી, તા.૨૩

ભાજપના સાંસદ બૃજભૂષણ શરણસિંહના નજીકના સંજય સિંહે ગઈકાલે ભારતીય રેસલિંગ ફેડરેશનની ચૂંટણીમાં જીત મેળવી ડબલ્યુએફઆના અધ્યક્ષ બન્યા બાદ રેસલર સાક્ષી મલિક, વિનેશ ફોગાટ અને બજરંગ પુનિયાએ પ્રેસ કોન્ફરન્સ કરી હતી જેમાં સાક્ષિ મલિકે સન્યાસની જાહેરાત કરી હતી, ત્યારે આજે કોંગ્રેસે પણ આજે પ્રત્રકાર પરિષદ યોજી હતી.

આ પત્રકાર પરિષદમાં કોંગ્રેસ પ્રવકતા રણદીપ સુરજેવાલાએ કેન્દ્ર સરકાર પર ગંભીર આક્ષેપો કરતા કહ્યું કે દીકરીઓને ન્યાય ન આપીને બૃજભૂષણની ધરપકડ કરવામાં આવી નહીં અને ભાજપે તમામ રમતગમત સંગઠનો પર કબજો કરી લીધો છે. તેમણે વધુમાં કહ્યું કે રેસલર દિકરીઓના યૌન શોષણના આરોપી ભાજપ સાંસદ બૃજભૂષણ શરણસિંહના નજીકના સંજય સિંહની ચૂંટણી જીત્યા બાદ ઓલિમ્પિક મેડલ જીતનારી રેસલર સાક્ષી મલિકની નિવૃતિ એ એક કાળો અધ્યાય છે અને ખેડૂતની દિકરીની આંખમાંથી નીકળતા આંસુ મોદી સરકારની બેશરમીનો પુરાવો છે. દિકરીઓને રડાવો, હેરાન કરો અને ઘરે બેસાડો એ ભાજપનું સૂત્ર છે. તેમણે વધુમાં કહ્યું કે દેશનું દુર્ભાગ્ય છે કે જે હરિયાળાની સાધારાણ ખેડૂત પરિવારની જે દિકરીએ પ્રથમ ઓલિમ્પિક મેડલ અપાવ્યો તેને જ ઘરે પરત જવાની ફરજ પાડી છે. રેસલર દિકરીઓ ન્યાય માટે જંતર-મંતર પર બેઠી હતી પરંતુ ભાજપ સરકારે તેમના પર દિલ્હી પોલીસ દ્વારા દમન કરવામાં આવ્યું હતું. સુપ્રીમ કોર્ટના આદેશ બાદ ફરિયાદ નોંધાઈ હતી પરંતુ ભાજપ સાંસદ બૃજભૂષણ શરણસિંહની ધરપકડ થઈ ન હતી.

ભારતીય કુશ્તી મહાસંઘ એટલે કે ઈન્ડિયન રેસલિંગ ફેડરેશન (ડબલ્યુએફઆઈ)ની ગઈકાલે ચૂંટણીમાં બૃજભૂષણ શરણસિંહના નજીકના વિશ્વાસું સંજય સિંહ જીતીને અધ્યક્ષ બન્યા હતા, તેમને ૪૦ જ્યારે પૂર્વ કોમનવેલ્થ ગેમ્સ ગોલ્ડ વિજેતા અનિતા શિયોરાનને ૭ મત મળ્યા હતા.

આ ચૂંટણી પરિણામોને બજરંગ પુનિયા, વિનેશ ફોગાટ અને સાક્ષી મલિકે નિરાશાજનક ગણાવ્યા હતા, ત્યારબાદ સાક્ષી મલિકે કુસ્તીમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી હતી.

### ઈન્ડિયામાં નીતિશને સંયોજક ન બનાવાતા લાલુ નારાજ

# કેજરી-મમતાએ લાલુના નીતિશને સંયોજકના મનસૂબા પર પાણી ફેરવ્યું

**લાલુની ઈચ્છા ચૂંટણી બાદ જે પક્ષમાં વધારે સાંસદ હશે તેને પ્રધાનમંત્રી બનાવવામાં આવશે એવી હતી**

પટણા, તા.૨૩

ઈન્ડિયા ગઠબંધનની બેઠકમાં બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમારને સંયોજક ન બનાવતા જેડીયુ જ નહી પરંતુ લાલુપ્રસાદ પણ નારાજ છે. જેડીયુએ પોતાની આગામી રણનીતિ નક્કી કરવા માટે ૨૯ ડિસેમ્બરે રાષ્ટ્રીય કાર્યકારિણીની બેઠક બોલાવી છે. બીજી તરફ બિહારમાં ઈન્ડિયા ગઠબંધન તૂટવા ને લઈને અફવાઓનું બજાર ગરમ થઈ ગયું છે. હકીકતમાં જેડીયુમાં દબાતા અવાજે ચર્ચા ઉઠી છે કે 'નીતીશ નહીં તો મોદી હી સહી' નીતીશને કોઈ પદ ન મળવાથી લાલુપ્રસાદને એક તરફ બિહારની સત્તા ગુમાવવાનો ડર સતાવવા લાગ્યો છે બીજી તરફ પુત્ર તેજસ્વી યાદવ માટે સીએમ પદ દુર જતું દેખાઈ રહ્યું છે.

લાલુ પ્રસાદ યાદવ પ્રાદેશિક પક્ષો અને કોંગ્રેસ વચ્ચે તાલમેલ બેસાડવા માટે સંયોજક પદ પર નીતીશ કુમારને ગોઠવવા માંગતા હતા. જેને કારણે પ્રાદેશિક પક્ષો અને કોંગ્રેસ વચ્ચે સારો તાલમેલ રહે પરંતુ લાલુપ્રસાદનો આ દાવ અરવિંદ કેજરીવાલ અને મમતા બેનર્જીએ મળીને નિષ્ફળ કરી દીધો છે. આ કારણે લાલુપ્રસાદ પોતાનો મનસુબો પાર પાડવામાં નિષ્ફળ રહ્યા છે જેથી નારાજ ચાલી રહ્યા હોવાનું સામે આવ્યું છે. લાલુપ્રસાદની ઈચ્છા પ્રાદેશિક પક્ષો અને કોંગ્રેસને એકજુથ કરવા માટે આ પ્રસ્તાવ પસાર કરાવવાની હતી કે લોકસભા ચુંટણી બાદ જે નેતાના પક્ષમાં વધારે સાંસદ હશે તેને પ્રધાનમંત્રી બનાવવામાં આવશે. લાલુપ્રસાદ પ્રાદેશિક પક્ષોમાં આશા બંધાવી રાખવા માંગતા હતા કે તેમનો નેતા પણ પીએમ બની શકે છે. આ ભરોસો જાળવી રાખવાની તેમની ઈચ્છા હતી.

લાલુપ્રસાદની ઈચ્છા હતી કે નીતીશકુમાર વિપક્ષી દળોના ગઠબંધનના મુખ્ય સુત્રધાર રહે. એટલે માટે તેમણે સંયોજક પદ આપવું જોઈએ.

બીજી તરફ ચુંટણી બાદ જીતેલા સાંસદ જેને પ્રધાનમંત્રી પસંદ કરવા ઈચ્છે તેને પીએમ બનાવવા માટે સ્વતંત્ર થઈને ચુંટણી કરે, પરંતુ લાલુ પ્રસાદનો આ ખેલ કેજરીવાલ અને મમતા બેનર્જીએ નિષ્ફળ બનાવી દીધો હતો. આ કારણથી જેડીયુ લોકસભા ચુંટણી અગાઉ ઈન્ડિયા ગઠબંધનથી અલગ માર્ગ અપનાવશે તો તેનું સીધું નુકશાન આરજેડીને થવાનું છે. બીજી તરફ બિહારમાં ઈન્ડિયા ગઠબંધનની સરકાર પડી ભાંગવાના એંધાણ પણ છે. આ સંજોગોમાં જેડીયુને લઈને વિવિધ અનુમાન સામે આવી રહ્યા છે. આરજેડી માટે લોકસભા વધુમાં વધુ બેઠકો જીતવા ઉપરાંત તેજસ્વી યાદવના મુખ્યમંત્રી બનવાના માર્ગમાં પણ ગંભીર અડચણો જોવા મળી રહી છે.

### એક આંતરરાષ્ટ્રીય સંશોધન ટીમનો દાવો

# વાયુ પ્રદૂષણ ઘટાડીને હિમાલયના ગ્લેશિયરને બચાવી શકાય છે

**કોરોના લોકડાઉન થયુ હતુ ત્યારે હવા સાફ હતી અને તે સમયે હિમાલયના ગ્લેશિયર ઓછા પ્રમાણમાં ઓગળ્યા**

નવી દિલ્હી, તા.૨૩

એક રિસર્ચમાં થયેલા ખુલાસા અનુસાર જો વાયુ પ્રદૂષણને ઘટાડીને કોરોના રોગચાળાના સ્તર પર લાવવામાં આવે તો તેનાથી હિમાલયના ગ્લેશિયર બચી શકે છે. માનવામાં આવી રહ્યું છે કે હિમાલયના ગ્લેશિયર આ સદીના અંત સુધી ખતમ થઈ જશે. એક આંતરરાષ્ટ્રીય સંશોધન ટીમે આ દાવો કર્યો છે. આ ટીમમાં ભારત, જર્મની અને બ્રિટનના વૈજ્ઞાનિક છે. સંશોધનમાં માલૂમ થયું છે કે વર્ષ ૨૦૨૦માં જ્યારે કોરોના લોકડાઉન થયું હતું ત્યારે હવા એકદમ સાફ હતી અને તે સમયે હિમાલયના ગ્લેશિયર ઘણા ઓછા પ્રમાણમાં ઓગળ્યા હતા.

સંશોધનમાં માલૂમ થયું છે કે કોરોના લોકડાઉન દરમિયાન ગ્લેશિયર પ્રત્યેક દિવસ ૦.૫ થી ૧.૫ મિલિમિટર ઓછા ઓગળ્યા હતા. હિમાલયના ગ્લેશિયર ઝડપથી ઓગળતા અને બરફનો જથ્થો ઓછો થવાને કારણે એશિયાના અબજો લોકો માટે પાણીનું સંકટ પેદા થઈ શકે છે. વૈજ્ઞાનિકોનું કહેવું છે કે જો વાયુ પ્રદુષણ ઓછું થઈને કોરોના લોકડાઉનના સમયે હતું ત્યાં આવી જાય તો તેના કારણે ગ્લેશિયર ઓગળવાની ઝડપ અડધી થઈ શકે છે. સાયન્સ જનરલ એટમોસફેરી કેમેસ્ટ્રી એન્ડ ફિઝિક્સમાં આ સંશોધન પ્રકાશિત થયું છે. અભ્યાસ અનુસાર અક્ષય ઊર્જાના સ્રોતો પર નિર્ભરતાને વધારી અને પરિવહનમાં ઓછો કાર્બન ઉત્સર્જન કરીને મહત્વના સકારાત્મક ફેરફાર લાવી શકાય છે. ઉલ્લેખનીય છે કે હિન્દુકુશ હિમાલય અને તિબેટના પહાડ ઉપરાંત મધ્ય એશિયામાં સૌથી વધારે સ્નો કવરવાળા ક્ષેત્ર છે. આ સ્નો કવરમાંથી જ પાણી ઓગળીને ભારત અને ચીનની નદીઓમાં વહે છે. જેનાથી ખેતી થાય છે, વીજળી બને છે અને દેશોની અર્થવ્યવસ્થા ચાલે છે. જે ઝડપથી અત્યારે ગ્લેશિયર ઓગળી રહ્યા છે તેને જોતા તે ૨૧મી સદીના અંત સુધી સમગ્ર ગ્લેશિયર ઓગળી જવાનું જોખમ સર્જાયું છે.


કોરોના લોકડાઉન દરમિયાન લોકો ઘરોની અંદર રહ્યા હતા જેને કારણે વાહન વ્યવહાર ઓછો થયો હતો. આ ઉપરાંત ઉદ્યોગોમાંથી કાર્બન ઉત્સર્જન પણ ઘટી ગયું હતું જેને કારણે વાયુ પ્રદુષણ માં જબરદસ્ત ઘટાડો જોવા મળ્યો હતો અને ગ્રીનહાઉસ ગેસોમાં પણ ઘટાડો થયો હતો. સેટેલાઈટના માધ્યમથી લેવામાં આવેલ તસવીરોથી જાણ થાય છે કે લોકડાઉન દરમિયાન પહાડો પર જામેલો બરફ એકદમ ચોખ્ખો હતો.

# રાજ્યમાં વાયબ્રન્ટ સમિટ પૂર્વે એક જ દિવસમાં રૂા.૧.૫૬ લાખ કરોડના રોકાણોના 47 MOU સંપન્ન કરાયા

ગાંધીનગર, તા.૨૩ જાન્યુઆરી-૨૦૨૪માં યોજાનારી ૧૦મી વાઈબ્રન્ટ ગુજરાત સમિટના પ્રારંભ પૂર્વે **47 MOU** કરવામાં આવ્યા છે. વિવિધ ઉદ્યોગ રોકાણકારોએ રાજ્ય સરકાર સાથે એક જ દિવસમાં આજે રૂા. ૧.૫૬ લાખ કરોડથી વધુના સંભવિત રોકાણ માટે **MOU** કર્યા છે, તેની સાથે જ આ રોકાણથી ગુજરાતમાં આશરે ૭.૫૯ લાખથી વધુ રોજગાર સર્જન થવાની સંભાવના છે. રાજ્ય સરકારે પ્રતિ સપ્તાહ વિવિધ ઉદ્યોગો સાથે **MOU** કરવાનો જે સિલસિલો શરૂ કર્યો છે, તેમાં અત્યાર સુધીમાં યોજાઇ ગયેલી એમ.ઓ.યુ. હસ્તાક્ષરની ૧૪ શ્રૃંખલાઓમાં **100 MOU** સાથે રૂા. ૧.૩૫ લાખ કરોડના સંભવિત રોકાણો થયા છે. તે ઉપરાંત એમ.ઓ.યુ. હસ્તાક્ષરની ૧૫મી શ્રૃંખલામાં **47 MOU** સાથે રૂા. ૧.૫૬ લાખ કરોડના રોકાણ સાથે આજ દિન સુધી **147 MOU** સાથે રૂ. ૨.૯૧ લાખ કરોડથી વધુના સંભવિત રોકાણો થયા છે. હાલમાં કરવામાં આવેલા એમઓયુ અંતર્ગત મુખ્ય ક્ષેત્રો પૈકી એન્જિનિયરિંગ ઓટો અને અન્ય ઈન્ડસ્ટ્રીઝ ક્ષેત્રમાં રૂા. ૫૦,૪૫૦ કરોડના અંદાજિત રોકાણ સાથે ૯૭૧૦ રોજગારનું સર્જન થશે. ઔદ્યોગિક પાર્ક, ટેક્ષટાઈલ્સ અને એપરલ ક્ષેત્રમાં રૂા. ૨,૯૦૦ કરોડના અંદાજિત રોકાણ સાથે ૧.૫૨ લાખ રોજગારનું સર્જન, ફાયનાન્સિયલ સર્વિસીસ ક્ષેત્રમાં રૂા. ૫૦,૫૦૦ કરોડના અંદાજિત રોકાણ સાથે ૫.૫૦ લાખ રોજગાર મિનરલ આધારિત પ્રોજેક્ટ્સ ક્ષેત્રમાં રૂા. ૯,૬૪૫ કરોડના અંદાજિત રોકાણ સાથે ૨૮૯૫ રોજગાર, સાયન્સ અને ટેકનોલોજી ક્ષેત્રમાં રૂા. ૨૨,૮૨૪ કરોડથી વધુના અંદાજિત રોકાણ સાથે ૪૧,૪૩૦ રોજગાર હેલ્થકેર અને ફાર્માસ્યુટીકલ્સ ક્ષેત્રમાં રૂા. ૧૧,૦૨૨ કરોડથી વધુના રોકાણ સાથે ૬,૨૦૦ રોજગાર તેમજ એગ્રો અને ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્રમાં રૂા. ૮૦૦ કરોડના અંદાજિત રોકાણ સાથે ૮૦૦ રોજગારનું સર્જન થશે. નાણાં મંત્રી કનુભાઈ દેસાઈ, આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ, ઉદ્યોગ મંત્રી બળવંતસિંહ રાજપૂત, વગેરેની ઉપસ્થિતિમાં થયેલા આ એમ.ઓ.યુ. અંતર્ગત ઉદ્યોગો પોતાના એકમો સંભવતઃ ૨૦૨૩ થી ૨૦૨૮ વચ્ચે કાર્યરત કરશે. કચ્છ, ભરૂચ, ખેડા, અમદાવાદ, મહેસાણા, અમરેલી, વડોદરા, સુરત, પંચમહાલ, સાણંદ, ગાંધીનગર, ડાંગ, નવસારી અને રાજકોટ સહિતના વિવિધ જિલ્લાઓના વિસ્તારોમાં આ ઉદ્યોગો શરૂ થશે. એમ.ઓ.યુ. હસ્તાક્ષર પ્રસંગે રાજ્યના મુખ્ય સચિવ રાજકુમાર, ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ એસ. જે. હૈદર સહિત વરિષ્ઠ સચિવો તથા ઉદ્યોગકારો ઉપસ્થિત રહ્યાં હતાં.

# કોરોનાના નવા વેરિયન્ટ JN.1થી ગભરાવવાની જરૂર નથી : તેના કેસોમાં ઘાતકતા ઓછી જોવા મળી

## રાજ્યમાં નવા વેરિયન્ટનો એક પણ કેસ નથી; સતર્કતા રાખવી જરૂરી : આરોગ્ય મંત્રી



ગાંધીનગર, તા.૨૩ રાજ્યમાં કોરોનાની ફરી એકવાર એન્ટ્રી થતાં લોકોમાં ચિંતા ફેલાવાને લઈ સરકાર દ્વારા લોકોને ધરપત આપવામાં આવી છે. ગુજરાતમાં કોરોનાની પ્રવર્તમાન પરિસ્થિતી વિશે જણાવતા પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, હાલ વિશ્વમાં જોવા મળી રહેલ **JN.1** વેરિયન્ટથી લોકોએ ગભરાવવાની જરૂર નથી. આ વેરિયન્ટના કેસોમાં તેની ધાતકતા ઓછી જોવા મળી છે. જેથી લોકોએ ગભરાવવું નહીં પરંતુ સતર્કતા રાખવી જરૂરી છે. કોરોનાની સ્થિતી વિશે તેમણે કહ્યું હતું કે, ગુજરાતમાં ઓકટોબરની સરખામણીએ ડિસેમ્બર મહિનામાં નોંધાયેલ કેસની સંખ્યા ઓછી છે. હાલ રાજ્યામાં ૧૩ જેટલા એક્ટીવ કેસ છે. જેમાં એક પણ દર્દી હોસ્પિટલમાં સારવાર હેઠળ નથી. રાજ્યમાં કોરોના પોઝીટીવ તમામ કેસોનું જીનોમ સિકવન્સીંગ કરવામાં આવે છે. આરોગ્ય વિભાગ સાવધાની દાખવી રહ્યું છે. નવા વેરિએન્ટથી મૃત્યુના કેસ બહાર આવ્યા નથી. આજે કેન્દ્રીય આરોગ્ય મંત્રીએ દેશના તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશના આરોગ્ય મંત્રી તેમજ આરોગ્ય સેક્રેટરી સાથે યોજેલ વીડિયો કોન્ફરન્સ સંદર્ભે મંત્રીએ જણાવ્યું કે, આ વીડિયો કોન્ફરન્સમાં સમગ્ર દેશમાં કોરોનાની સ્થિતિ અંગે રીવ્યું કરવામાં આવ્યું હતું. દેશમાં કેટલાક રાજ્યોમાં જોવા મળી રહેલ કોરોનાના કેસ સંદર્ભે તેમણે સતર્કતા રાખવા સૂચના આપી હતી. વધુમાં તેઓએ નાગરિકોને ગભરાવવું નહીં પરંતુ સાવચેતી જરૂરથી રાખવા પણ જણાવ્યું હતું. આ સાથે કોરોના સંદર્ભે તમામ વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવા માટેની તાકીદ પણ કેન્દ્ર દ્વારા કરવામાં આવી હોવાનું જણાવતા તેમણે ઉમેર્યું હતું કે, ૧૩થી ૧૭ ડિસેમ્બર સુધીમાં રાજ્યની ૫૭૦૦થી વધુ સરકારી અને પ્રાઈવેટ હોસ્પિટલમાં કોવિડની પૂર્વતૈયારીના ભાગરૂપે મોકડ્રીલનું આયોજન કરાયું હતુ. જેમાં સમગ્ર વ્યવસ્થા, તૈયારીઓ, બફર સ્ટોકની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરાઈ છે. હાલ રાજ્યમાં નોંધાતા કોરોના પોઝીટીવ કેસમાં તેમનું જીનોમ સિકવન્સીંગ પણ કરવામાં આવી રહ્યું છે. વાયબ્રન્ટ સમિટ ઉપર કોઈ અસર થશે નહીં લક્ષણો દેખાશે તો ટેસ્ટ કરવામાં આવશે. શિયાળાની ઋતુ દરમ્યાન સામાન્ય રીતે શરદી, તાવ, ઉધરસ વગેરેના કેસોમાં વધારો જોવા મળે છે જેથી અગમચેતીના ભાગરૂપે હાલ કોવિડ-૧૯ના કેસો ન વધે તેની તકેદારી રાખવા તંત્રને સૂચના અપાઈ છે.

# જેટકોની ભરતી પરીક્ષામાં ગેરરીતિ બહાર આવતા રદ કરવામાં આવી : આરોગ્ય મંત્રી




ગાંધીનગર, તા.૨૩ વીજ ક્ષેત્રની સરકારી કંપની **GETCO** દ્વારા વિદ્યુત સહાયકની ભરતી પ્રક્રિયા રદ કરવામાં આવી છે જેના પડઘા ગાંધીનગરમાં પડવા લાગ્યા છે. આ અંગે સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે નિવેદન આપતાં જણાવ્યું કે, પોલ ટેસ્ટમાં ગેરરીતિની ફરિયાદ મળી હતી અને તેના આધારે જ તપાસ કમિટીની રચના કરવામાં આવી છે. રાજ્યમાં ફરી એકવાર પરીક્ષા રદ થવાની ઘટના સામે આવી છે, જેમાં વીજ ક્ષેત્રની સરકારી કંપની ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન **(GETCO)** દ્વારા તાજેતરમાં લેવાયેલ વિદ્યુત સહાયની ભરતી રદ કરવામાં આવી છે. પરીક્ષા સમયે માર્ગદર્શિકાનો ભંગ થયો હોવાનું સામે આવતા ભરતી રદ કરવામાં આવી છે. આ અંગે સરકારના મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે, લાયક ઉમેદવારને અન્યાય ન થાય તે માટે નિર્ણય લેવાયો છે. તેમજ તપાસને અંતે જવાબદારો સામે કાર્યવાહી કરવામાં આવશે.

આ અંગેની પ્રાપ્ત માહિતી અનુસાર, **GETCO** દ્વારા વિદ્યુત સહાયકની ભરતી પ્રક્રિયા બે તબક્કામાં હાથ ધરવામાં આવેલ હતી. ત્યારે આ પોલ ટેસ્ટ વિવિધ વર્તુળ કચેરીઓ દ્વારા તા.૬/૩/૨૦૨૩થી તા.૧૩/૩/૨૦૨૩ તથા લેખિત પરીક્ષા તા.૯/૯/૨૦૨૩ના રોજ યોજવામાં આવી હતી. પરીક્ષા બાદ કેટલાક ઉમેદવારો દ્વારા રજૂઆત કરવામાં આવી હતી કે, રાજકોટ, ભરૂચ અને મહેસાણા ઝોન હેઠળની વર્તુળ કચેરીઓ ખાતે લેવામાં આવેલ પોલ ટેસ્ટની પ્રક્રિયામાં જીયુવીએનએલ તેમજ **GETCO** દ્વારા બહાર પાડવામાં આવેલ માર્ગદર્શિકા અનુસાર પરીક્ષા લેવામાં આવેલ નથી. જે પછી **GETCO** દ્વારા ગતરોજ ૧૯ ડિસેમ્બરે પરીક્ષા રદ કરવાની જાહેરાત કરાઈ હતી. આ મામલે તાજેતરમાં કેબિનેટની બેઠક બાદ સરકારના મંત્રી તરફથી જણાવવામાં આવ્યું કે, પોલ ટેસ્ટમાં નિયમનું પાલન થયું ન હતું તેમજ ગેરરીતિ સામે આવતા પરીક્ષા રદ કરવામાં આવી છે. આ સમગ્ર બાબત અંગે યોગ્ય તપાસ કરવામાં આવશે. પ્રાપ્ત માહિતી અનુસાર, જેટકોની ઈલેકિટ્રક આસિસ્ટન્ટની ભરતીમાં શરૂઆતથી વિવાદાસ્પદ નિર્ણયો લઈ જવાબદાર અધિકારીઓએ પોતાની મનમાની ચલાવી હતી, દરમ્યાન દિન પ્રતિદિન વિવાદ વધતા અંતે તપાસ સમિતિ નિમવામાં આવી હતી અને તેના રિપોર્ટના આધારે જેટકો દ્વારા વિવાદિત ભરતી પ્રક્રિયા રદબાતલ કરવાનો નિર્ણય જાહેર કર્યો છે. તેમજ નવી ભરતી પ્રક્રિયા માટે ટૂંક સમયમાં કાર્યક્રમ જાહેર કરાશે તેમ જણાવ્યું છે. જેટકો દ્વારા જારી કરાયેલી નવી નોટિસમાં જણાવાયું છે કે, તાજેતરમાં વિદ્યુત સહાયકની ભરતી પ્રક્રિયા બે તબક્કામાં હાથ ધરવામાં આવેલ. જેમાં પોલ ટેસ્ટની પ્રક્રિયામાં જીયુવીએનએલ તેમજ જેટકો દ્વારા બહાર પાડવામાં આવેલી માર્ગદર્શિકાને અનુસરવામાં આવેલ નથી.

# ઓનલાઈન ગેમ રમવાની લ્હાયમાં બે સંતાનોના પિતાએ જીવ ગુમાવ્યો

અમદાવાદ,તા.૨૩ સોશિયલ મીડિયાનો ગેરઉપયોગ સમાજ માટે ઘણો ઘાતક નિવડતો જાય છે. ઓનલાઈન ઠગાઈ બાદ હવે ઓનલાઈન ગેમના ચક્કરમાં લોકોની જીંદગીઓ બરબાદ થતી હોવાની એક પછી એક ઘટનાઓ સમાજ માટે ચિંતાજનક છે. ગુજરાતમાં સામાજિક ચિંતન માંગી લે તેવી એક એવી ઘટના બની છે જેમાં ઓનલાઈન ગેમ રમવાની લ્હાયમાં બે સંતાનોના પિતાનો જીવ ગુમાવવાનો વારો આવ્યો છે. વડોદરામાં ઓનલાઈન ગેમના ચક્કરમાં યુવકે આપઘાત કર્યો છે. ઓનલાઈન ગેમની લતના કારણે દેવુ થઈ જતા આપધાત કર્યો છે. ૩૧ વર્ષીય મયુર મહિડા નામના યુવકના આપઘાતથી ચકચાર મચી છે. પરિવારના મોભીએ જીવ ગુમાવતા પરિવારમાં શોકનો માહોલ છે.પોલીસને મૃતક પાસેથી સુસાઈડ નોટ મળી આવી છે. જેમાં લોન ભરી હોવા છતા બદનામ કરવાની ધમકી આપતા હતા. તેથી પોલીસે સુસાઈડ નોટ કબ્જે કરી તપાસ હાથ ધરી છે. ઓનલાઈન ગેમ રમવાની લ્હાયમાં બે સંતાનોના પિતાએ જીવ ગુમાવ્યો છે. દેવુ થઈ જતા બે સંતાનોના પિતા મયુર મહિડાએ ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો છે. રિફાઈનરી રોડ ગ્રીન પાર્ક સોસાયટીમાં ૩૧ વર્ષીય મયુર મહિડા રહેતો હતો. જેના ઘરમાંથી સુસાઈડ નોટ મળી આવી છે. સુસાઈડ નોટમાલોન ભરપાઈ કરી હોવા છતાં કેટલાક લોકો સોશિયલ મીડિયામાં બદનામ કરવાની ધમકી આપતા હતા. ઓનલાઈન ગેમ રમવામાં દેવુ થયું હતું. તેથી બે સંતાનોનાપિતાએ ગળે ફાંસો ખાઈ જીવનનો અંત આણ્યો છે. એકના એક પરિવારના મોભીએ જીવ ગુમાવતા ઘેરો શોક છવાયો છે. ગોરવા પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે એસએસજી હોસ્પિટલ ખસેડી વધુ તપાસ હાથ ધરી છે.

# રાજ્યમાં ૧૫ એજન્ટો ઉપર દરોડાનો મામલે વિઝા કન્સલ્ટિંગ કૌભાંડની તપાસમાં વધુ પુરાવા મળ્યા

અમદાવાદ,તા.૨૩ રાજ્યમાં વિઝા ઓફિસમાં તપાસના કેસમાં સીઆઈડી ક્રાઈમે મોટા શહેરોમાં તપાસ હાથ ધરી છે. વિઝા કન્સલ્ટિંગ કૌભાંડ અંગે બે ફરિયાદ નોંધાઈ છે. અમદાવાદની હાઈટેક એજ્યુકેશન સામે ફરિયાદ નોંધાઈ છે. કુડાસણની હોપરેઝના માલિકો સામે ફરિયાદ દાખલ થઈ છે. હોપેરઝના કિશન પટેલ અને પ્રેમ પરમાર વિરૂદ્ધ ફરિયાદ થઈ છે. કિશન પટેલની ઓફિસમાંથી દારૂની બોટલ પણ મળી હતી. દારૂ મુદ્દે કિશન પટેલ સામે વધુ એક ફરિયાદ દાખલ કરવામાં આવી છે. ઓફિસમાં ઓછા મેરિટવાળા વિદ્યાર્થીઓના બનાવટી દસ્તાવેજો બનાવતા હતા. તેમાં ૩૫ જેટલા બનાવટી દસ્તાવેજ કબ્જે કરવામાં આવ્યા છે. વિદ્યાર્થીઓની બનાવટી માર્કશીટો પણ બનાવી હોવાનુ સામે આવ્યું છે. સીઆઈડી ક્રાઈમ દ્વારા વિઝા ઓફિસમાં રેડ મામલે વિઝા કન્સલ્ટિંગ કૌભાંડ અંગે બે ફરિયાદ નોંધાઈ છે. હાઈટેક એજ્યુકેશનના માલિક જીગર શુક્લા પાસેથી નોટરીના રાઉન્ડ સિક્કા પણ કબ્જે કરવામાં આવ્યા છે. વિદ્યાર્થીઓની બનાવટી માર્કશીટો પણ બનાવી હોવાનુ સામે આવ્યુ છે. તથા સીઆઈડી ક્રાઈમ આજે વધુ એક ફરિયાદ નોંધાવી તેમજ અન્ય એજન્ટો વિરૂદ્ધ તપાસમાં મહત્વના પુરાવા મળી આવ્યા છે. અત્રે ઉલ્લેખનિય છે કે, સીઆઈડી ક્રાઈમે તાજેતરમાં અમદાવાદ, ગાંધીનગર અને વડોદરામાં ૧૫ જેટલા એજન્ટોના ત્યાં દરોડા પાડીને દસ્તાવેજો તેમજ ઈલેકટ્રોનિક્સ ગેઝેટ કબ્જે લીધા હતા. બે એજન્ટના ત્યાંથી વિદેશી દારૂ અને બિયરનો જથ્થો પકડાતા તેનો ગુનો દાખલ કર્યો હતો. આ દરોડા દરમ્યાન અમદાવાદના સી.જી.રોડ ઉપરના સમર્થ કોમ્પ્લેક્સમાં આવેલા હાઈટેકના એજ્યુકેશનમાં વિઝા મેળવવા માટે કલાયન્ટોની ખોટી માર્કશીટો, ડિગ્રી સર્ટિફિકેટ તેમજ અનુભવ સર્ટી બનાવાતા હોવાનું જણાયું સીઆઈડી ક્રાઈમે હાઈટેક એજ્યુકેશનના જીગર શુકલ તેમજ નીરવ મહેતા સામે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે. સીઆઈડી ક્રાઈમે જીગર પ્રવિણભાઈ શુકલ અને નીરવ મહેતા સામે ગુનો દાખલ કર્યો હતો. હાઈટેકમાંથી મળેલી ઋત્વીક જયેશના ડીપ્લોમા, ડીગ્રી, રીઝલ્ટની માર્કશીટ તથા આધારકાર્ડ ઉપરના કલાઈન્ટના ફોટો અલગ હતા. પટેલ પાયલની જૂદા જૂદા સેમેસ્ટરની ૨૧ માર્કશીટો મળી છે, જે તમામ આઠ વર્ષના સમયગાળાની એક સાથે અને તાજી પ્રિન્ટ થયેલી હતી. પટેલ દિપેશના પાચ સેમેસ્ટરની માર્કશીટ, ડિગ્રી સર્ટી ઉપરના ફોટો પ્રાથમિક રીતે અલગ જણાયા હતા. મહેતા દર્શનની કુલ છ સેમેસ્ટરની માર્કશીટ ઉપરના ફોટો અલગ જોવા મળ્યા હતા.

# અપારદર્શક વહીવટથી લઈને અનિયંત્રિત વેચાણ : ઓડિશામાં કોંગ્રેસના સાંસદ ધીરજ સાહુના પારિવારિક દારૂના સામ્રાજ્યની વાર્તા

ઓડિશા, તા.૨૩ ઓડિશાની રાજધાની ભૂવનેશ્વરથી ૩૦૦ કિ.મી. દૂર બાલાંગિર રોડ રેલવે સ્ટેશનની બંને બાજુ પર આવેલા બાંધકામો વિવાદાસ્પદ બલદેવ સાહુ એન્ડ સન્સનો ભાગ છે, જે દેશ નિર્મિત દારૂનું ઉત્પાદન કરતી કંપની છે જે આ મહિનાની શરૂઆતમાં દારૂના ધંધાર્થીઓ અને કોંગ્રેસના સાંસદ ધીરજ સાહુ ઉપર આવકવેરાના દરોડાઓના કેન્દ્રમાં છે અને ત્યારબાદ રૂા.૩૫૦ કરોડની રોકડ વસૂલાત કરવામાં આવી છે. ધીરજ સાહુના પિતા બલદેવ સાહુ દ્વારા ૧૯૫૪માં બાલાંગિરમાં સ્થપાયેલી આ કંપની પશ્ચિમ ઓડિશામાં દેશી દારૂના વેપાર ઉપર કથિત રીતે ઈજારો ધરાવે છે. આબકારી અધિકારીઓના જણાવ્યા મુજબ પેઢીનો અપારદર્શક અને જટિલ સંગઠનાત્મક માળખા સાથે છે, બાલાંગિરમાં આ કંપની ૬૪માંથી ૪૬ ઉત્પાદન એકમો ધરાવે છે. સ્થાનિક ઉત્પાદન સુવિધાઓની મુલાકાતો અને રાજ્યમાં આબકારી અધિકારીઓ સાથેની વાતચીતથી એ પણ જાણવા મળ્યું કે, અપૂરતી સરકારી તપાસે સાહુઓને તેમનું બિઝનેસ સામ્રાજ્ય બનાવવા માટે સક્ષમ કર્યા છે. ભારતીય જનતા પાર્ટી **(BJP)** જેવા વિપક્ષી પક્ષોએ મુખ્યપ્રધાન નવીન પટનાયકની આગેવાની હેઠળની રાજ્ય સરકાર પર રાજકીય સમર્થનનો આરોપ લગાવતાં દરોડા પછી ભારે વિવાદ છે. શુક્રવારે એક જાહેર નિવેદનમાં સાહુએ સ્વીકાર્યું કે, પૈસા તેમની પેઢીના છે. આજે જે થઈ રહ્યું છે. જે પૈસા રિકવર કરવામાં આવ્યા છે તે મારી ફર્મના છે. જે રોકડ રિકવર કરવામાં આવી છે તે મારી લિકર ફર્મ સાથે સંબંધિત છે. આ દારૂના વેચાણમાંથી મળેલી કમાણી છે. આ દેશી દારૂનો વેપાર કેવી રીતે કાર્ય કરે છે અને બલદેવ સાહુ એન્ડ સન્સે પશ્ચિમ ઓડિશામાં વેપાર ઉપર કેવી રીતે ઈજારો જમાવ્યો છે તે જોઈએ. ઓડિશાના આબકારી વિભાગના અધિકારીઓએ ધ પ્રિન્ટને જણાવ્યું કે, રાજ્યના ૩૦માંથી ૨૨ જિલ્લામાં દેશી દારૂનું ઉત્પાદન થાય છે. મોટાભાગે દેશી દારૂનું ઉત્પાદન એ રોકડ ધંધો છે. સાહુ એન્ડ સન્સનો વેપાર ખાસ કરીને બાલાંગિર અને સંબલપુર તેમજ દક્ષિણ ઓડિશાના રાયગડા જિલ્લાઓમાં છે. ભારતીય નિર્મિત વિદેશી દારૂ **(IMFL)**ના અત્યંત નિયંત્રિત વેચાણથી વિપરીત, દેશી દારૂ ઉત્પાદન વ્યવસાય મુખ્યત્વે ઓછી આવક ધરાવતા મજૂર વર્ગને દારૂ પૂરો પાડે છે. પરિણામે ધંધો મુખ્યત્વે રોકડ ઉપર ચાલે છે. બલદેવ સાહુ એન્ડ સન્સ ૪૬ મેન્યુફેક્ચરિંગ એકમો ધરાવે છે અને તે સ્થાનિક રીતે મૌધભટ્ટી તરીકે ઓળખાય છે. રાજ્યમાં ચોક્કસ સંખ્યા જાણવી મુશ્કેલ છે. આ ફર્મના વ્યવસાયિક માળખા અને ઉત્પાદન એકમો સંબંધીઓના નામ હેઠળ નોંધાયેલા હોવાનું દર્શાવવામાં આવ્યું છે. દારૂના ઉત્પાદન એકમો ઉપરાંત, પેઢી બૌધ જિલ્લામાં ડિસ્ટિલરી પ્લાન્ટની પણ માલિકી ધરાવે છે. જે **IMFL** બનાવવા માટે એક આવશ્યક કાચો માલ, સ્પિરિટનું ઉત્પાદન અને વેચાણ કરે છે. સાહુ એન્ડ સન્સને **IMFL** વેચવાનું લાઈસન્સ આપવામાં આવ્યું હોવા છતાં તેની પાસે તેનું ઉત્પાદન કરવાનું લાયસન્સ નથી. આ ઉપરાંત સાહુઓએ ઝારખંડ અને પશ્ચિમ બંગાળમાં બોટલિંગનો વ્યવસાય પણ કરે છે અને હોટલ, શાળાઓ અને હોસ્પિટલોમાં વ્યવસાયિક હિત પણ ધરાવે છે. બાલાંગિર જિલ્લા આબકારી કચેરીના એક અધિકારીએ ધ પ્રિન્ટને જણાવ્યું હતું કે, ઓડિશાની આબકારી નીતિ હેઠળ, દેશી દારૂનું ઉત્પાદન કરતી કંપની તેના લાયસન્સ માટે રૂા.૩ લાખથી રૂા.૮ લાખ સુધીની ચૂકવણી કરે છે. વર્ષોથી બલદેવ સાહુ એન્ડ સન્સની પાસે વધુ સંસાધનો હતા, તેથી તેઓ ઝડપથી વિકાસ પામ્યા હતા. ઓડિશા સરકારની આવકમાં એક્સાઈઝ મહત્ત્વનો ભાગ છે. આ વર્ષની શરૂઆતમાં રાજ્યની વિધાનસભામાં એક પ્રશ્નના લેખિત જવાબમાં આબકારી મંત્રી અશ્વિનીકુમાર પાત્રાએ કથિત રીતે જણાવ્યું હતું કે, ૨૦૨૨-૨૩ માટે રાજ્યનું કલેક્શન રૂા.૬૪૫૫.૦૬ કરોડ હતું. દેશના આ ભાગમાં મહુઆના ફૂલનો ઉપયોગ કરીને દેશી દારૂ બનાવવામાં આવે છે. મહુઆ એક ઉષ્ણકટિબંધીય વૃક્ષ છે જે મોટાભાગે મધ્ય, દક્ષિણ અને ઉત્તર ભારતીય મેદાનો અને જંગલોમાં જોવા મળે છે. તે ગ્રામીણ ઓડિશામાંથી હસ્તગત કરવામાં આવે છે અને તેની કિંમત પંચાયત સ્તરે નક્કી કરવામાં આવે છે. દેશી દારૂ બનાવવાની પ્રક્રિયામાં મહુઆના ઝાડમાંથી સફેદ ફૂલો કાઢવામાં આવે છે, જેને પછી સુકાઈને ભૂકો કરીને અને પાણીમાં પલાળી દેવામાં આવે છે. થોડા દિવસોમાં આથો આવે છે જેથી ફૂલોમાં રહેલ ખમીર કુદરતી ખાંડને આલ્કોહોલમાં રૂપાંતરિત કરે છે. દેશી દારૂના અંતિમ ઉત્પાદનમાં સરેરાશ ૧૫-૨૦ ટકા દારૂનું પ્રમાણ હોય છે. રાજ્ય સરકાર પાસે દેશી દારૂના ઉત્પાદનના વ્યવસાયને નિયંત્રિત કરવા માટે બે નીતિઓ છે. મહુઆના ફૂલનું વેચાણ અને તેનો ઉપયોગ. સૌપ્રથમ કોઈપણ ઉત્પાદકને ફૂલના પ્રતિ ક્વિન્ટલ રૂા.૧૪૫૦ની ડ્યુટી આપવી પડે છે. આ ફૂલની કિંમત કરતાં વધુ છે.

મહુઆના ફૂલોની કિંમત પ્રતિ ક્વિન્ટલ રૂા.૨૦૦૦-૩૦૦૦ છે. નોંધપાત્ર રીતે ઓડિશાના આબકારી નિયમો અનુસાર, જ્યારે ઈનપુટ ખર્ચ ઉપર ટેક્સ છે, ત્યારે તૈયાર ઉત્પાદન પર કોઈ નથી. બીજી પોલિસીને ન્યૂનતમ ગેરંટી ક્વોટા કહેવામાં આવે છે. લાયસન્સ ફી જેટલી વધારે છે, ઉત્પાદક તેટલો વધુ મહુઆ મેળવવા માટે હકદાર છે. ૨૦૦૬થી ૨૦૧૨ વચ્ચે ઓડિશાના આબકારી કમિશનર તરીકે ફરજ બજાવતા નિવૃત્ત **IAS** અધિકારી સુદર્શનાયકે જણાવ્યું હતું કે, રાજ્યમાં દેશી દારૂના વ્યવસાયમાં ત્રણ મુખ્ય સમસ્યાઓ છે. પ્રથમ- દારૂના ઉત્પાદન, વિતરણ અને વેચાણ માટેના લાઈસન્સ એક લાઈસન્સધારક પર કેન્દ્રિત ન હોવા જોઈએ. બીજું- કોઈપણ લાયસન્સ દ્વારા દારૂના ચોક્કસ ઉત્પાદનને ચકાસવા માટે કોઈ પારદર્શક સિસ્ટમ નથી અને ત્રીજું- એ છે કે, ઉત્પાદનને ચોક્કસ સ્તરે પ્રતિબંધિત કરવા માટે આબકારી નીતિમાં કોઈ મહત્તમ કેપિંગ નથી. દરેક પાઉચની ઉત્પાદન કિંમત રૂા.૧૫ છે, તે પછી બજારમાં બમણી કિંમતે વેચવામાં આવે છે. સાહુઓ ઝારખંડના લોહરદગા જિલ્લાના છે, સાહુ પરિવારનો ત્યાં નોંધપાત્ર દબદબો છે. બલદેવ સાહુ એન્ડ સન્સના ઉત્પાદન અને વેચાણ એકમોમાં કામ કરતા કેટલાક લોકોએ ધ પ્રિન્ટને જણાવ્યું કે, તેઓ કામની શોધમાં સૌપ્રથમ લોહરદાગા ગયા હતા. બાલાંગિર જિલ્લામાં બિહારના રોહતાસ જિલ્લાના એક કાર્યકર્તાએ કહ્યું કે, સાહુના અન્ય વ્યવસાય સાથેના મેનેજરે તેને આ નોકરી માટે મોકલ્યો હતો. બાલાંગિરના સુદપરામાં બે પિતરાઈ ભાઈઓ, બંટી અને રાજેશ સાહુ દ્વારા ત્યાંનું યુનિટ ચલાવવામાં આવતું હતું. આ દરોડા પછીની જપ્તીઓના કારણે ઓડિશામાં મોટાપાયે રાજકીય વિવાદ થયો છે, જેમાં રાજ્યના મુખ્ય વિપક્ષ ભાજપે સીએમ પટનાયકની આગેવાની હેઠળની સત્તાધારી બીજુ જનતા દળ (બીજેડી) સરકાર પાસેથી જવાબદારીની માગણી કરી છે. ૧૪ ડિસેમ્બરે ઓડિશા ભાજપના પ્રવકતા અનિલ બિસ્વાલે પટનાયક ઉપર ૨૦૧૯માં સાહુસ બૌધ ડિસ્ટિલરીમાં પ્લાન્ટનું ઉદ્ઘાટન કરવાનો આરોપ મૂક્યો હતો. બિસ્વાલે ધ પ્રિન્ટને જણાવ્યું હતુ કે, રૂા.૩૦૦ કરોડથી વધુની રોકડ સંગ્રહખોરી કરી શકાતી નથી. તે રાજ્યના સમર્થન વિના શક્ય નથી. બિસ્વાલે કહ્યું કે, બલદેવસાહુ એન્ડ સન્સ પશ્ચિમ ઓડિશામાં લગભગ ૫૦૦ દેશી દારૂના પ્લાન્ટમાંથી ૩૦૦થી વધુનું નિયંત્રણ કરે છે. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે, પટનાયકે પદ સંભાળ્યું ત્યારથી દારૂના લાઈસન્સ માટે કોઈ હરાજી થઈ નથી. પટનાયક બે દાયકાથી વધુ સમયથી ઓડિશાના મુખ્યમંત્રી છે. ૨૦૨૧માં બીજેડી સરકારે રાજ્યની **IMFL** અને દેશી દારૂની દુકાનોને લાઈસન્સ આપવા માટે લોટરી આધારિત હરાજી સિસ્ટમ રજૂ કરી હતી. પટનાયક સરકારે આ દારૂની પેઢીને લાભ આપવાનું પસંદ કર્યું છે, રાજ્ય સરકારે જાહેર વિરોધ છતાં સાહુના બૌધ ડિસ્ટિલરીને મહાનદીમાંથી ગેરકાયદેસર રીતે પાણી ફાળવ્યું હતું. આવા ઉત્પાદન એકમોનો ઉપયોગ મની લોન્ડ્રિંગ હબ તરીકે થાય છે. આ દારૂનો વેપાર કાયદેસર અને ગેરકાયદેસર બંને રીતે ચલાવવામાં આવે છે અને તેથી ધંધામાં ઘણા કાળા નાણાં આવે છે, દેશી દારૂના ઉત્પાદન એકમો ઉપર આટલી મોટી રકમની વસૂલાત રાજકીય નાણાં તરફ નિર્દેશ કરે છે કારણ કે, દેશી દારૂનો ધંધો મોટે ભાગે છૂટક રોકડ ઉપર ચાલે છે.

# "ગીતા ગુંજન" કાર્યક્રમ પ્રેમાનંદ સ્કૂલ જૂનાગઢ ખાતે યોજાયો



જૂનાગઢ, તા.૨૩

ગીતા જયંતિ નિમિત્તે પૂજ્ય મુકતાનંદજીબાપૂ તથા ગિજુભાઈ ભરાડ સંચાલિત શ્રી પ્રેમાનંદ સ્કૂલ - જૂનાગઢ ખાતે "ગીતા ગુંજન" કાર્યક્રમ યોજાયો. સ્કૂલના ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓ દ્વારા શ્રીમદ ભગવદ ગીતાના શ્લોકોનું પઠન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડો.વિરેન્દ્ર ભટ્ટએ વક્તવ્ય આપ્યું. વિદ્યાર્થીઓને સમજાય એવી સરળ ભાષામાં ગીતાજીનું મહત્વ સમજાવ્યું. વર્તમાન સમયના પ્રશ્નો જેવાકે સ્ટ્રેસ, હતાશા, નિરાશા, નકારાત્મકતા, સંઘર્ષ વગેરે માંથી કેવી રીતે હકારાત્મકતા કેળવવી, જીવનમાં જોશ - ઉત્સાહ વધે તે સુંદર સરળ ઉદાહરણો દ્વારા બોધ આપ્યો. સંસ્થાના ડાયરેક્ટર ડો.માતંગ પુરોહિતના જણાવ્યા અનુસાર વિદ્યાર્થીઓ માટે આ ખૂબ જ અસરકારક અને જીવનશિક્ષણ લક્ષી કાર્યક્રમ રહ્યો. અત્રે ઉલ્લેખનીય છે કે શ્રી પ્રેમાનંદ સ્કૂલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પરીક્ષામાં સારા માર્કસ લેવાની સાથે સાથે જીવન શિક્ષણ પણ પ્રાપ્ત કરે છે.

# સોમનાથનાં સાંનિધ્યે નાતાલની રજાઓને કારણે દસ દિવસ માનવસાગર છલકાશે

## હિમાલય સંત બાબા પાયલોટનો એકાદશ મહામૃત્યુંજય મહારૂદ્ર યજ્ઞ

(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૨૩

સોમનાથ યાત્રા પ્રવાસધામ આજ તા. ૨૩ ડીસેમ્બરથી ૧ જાન્યુઆરી ૨૦૨૪ એટલે કે દસ દિવસ પ્રવાસીઓ યાત્રીકોથી ધમધમતું રહેશે અને માનવસાગર છલકાશે. યાત્રાધામ પ્રવાસધામ આધારીત વેપાર ધંધાઓ, અતિથિ ગૃહો, ખાન પાનના સ્ટોલો, દરિયા કાંઠે ઘોડેશ્વારી અને કેમલ સવારી, પૂજા સામગ્રી વેચતા લોકો, ટ્રાવેલ્સ કમીશન એજન્ટો, ટ્રાવેલ્સ ટેકસી ચાલકો, સમુદ્ર તટે ફોટા પાડતા અને મંદિર પાસે ફોટો પાડતા લોકો, યાત્રીકોને સુવિધાઓ પુરી પાડનારાઓ, ફળ ફળાદી, રમકડા, નોવેલ્ટી વસ્તુઓ વેચનારાઓ માટે આવક સરભર કરવાની અંગ્રેજી વર્ષની આ આખરી સીઝન છે. આ વર્ષે નાતાલની રજાઓ ભારે મેળ છે.

તા. ૨૩ ડીસેમ્બર ચોથો શનિવાર, ૨૪ ડીસેમ્બર રવિવાર અને ૨૫ ડીસેમ્બરે નાતાલની રજા છે. ઉપરાંત સરકારી કર્મચારીઓ ડીસેમ્બર આખર તેની પડતર કેજયુલ લીવ આની સાથે જોડી દઈ રજાઓ પૂર્ણ કરી દેતા હોય છે. તેને કારણે અને લોકોમાં સૌથી વધુ ઉત્કંઠા હોય તો થર્ટી ફસ્ટ એ દિવસે રવિવારની ઓટોમેટીક રજા છે. આ દિવસોમાં ઠેર ઠેર ગેસ્ટ હાઉસો હાઉસફુલ, ધંધામાં તેજી અને પ્રવાસી આધારીત વાહન વ્યવહાર ચાલકો બીઝી રહે છે. લોકો સોમનાથ અને તેની આસપાસનાં દેવ મંદિરોમાં દાન દક્ષિણા કે દર્શન માટે ભીડ રહેતી હોય છે. જો કે રીક્ષાવાળાઓને પણ આ દિવસોમાં ભારે તડાકો પડે છે. નાસ્તા સહિતની દુકાનોમાં સર્વત્ર ભીડ રહે છે. સોમનાથ મંદિર પાસે છેલ્લા કેટલાક વર્ષોથી ધાતુની પ્લેટમાં શિવ પ્રતિક કે મંત્રવાળા શીતળ ચંદન લગાવી લોકોને લલાટે ત્રિપુંડ કરતા લોકો માટે ભારે આવકનો સ્ત્રોત બને છે. વધારામાં પ્રભાસમાં હાલ બે ધાર્મિક કથાઓ ચાલે છે. અને ૨૯ ડીસેમ્બરથી બાબા પાયલોટનો અનુષ્ઠાન યજ્ઞ છે. જેમાં પણ બહારથી ભકતો આવેલ કે આવનારા હોય સર્વત્ર હેપી નાતાલ છવાઈ જવાની આશા સેવાઈ રહી છે.

# માંગરોળ બાર એસોસિએશનના પ્રમુખ ઉપપ્રમુખ સહિતની બોડી બિન હરીફ

## બાર એસોસિયેશનના પ્રમુખ તરીકે ફરી માધવજી ખાણીયાની વરણી



(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ, તા.૨૩

માંગરોળ બાર એસોસિયેશનના પ્રમુખ ઉપ્રમુખનાં ફોર્મ ભરવાની તારીખ પ્રકિયા શરૂ કરવામાં આવેલ જેમાં પ્રમુખ પદના હોદા માટે માધવજી ખાણીયા એ ફોર્મ રજુ કર્યુ હતું ત્યારે ઉપ-પ્રમુખ તરીકે ઈન્દ્રજીત પરમારે ફોર્મ રજૂ કરાયા હતા જેની સામે કોઈ ફોર્મ રજૂ ન કરવામાં આવેલ. માંગરોળ બાર રૂમ ખાતે પ્રમુખ ઉપ પ્રમુખ અને સેક્રેટરી અને ખજાનચીનાં હોદેદારોની નિમણુંક થતાં સિનિયર અને જુનિયર એડવોકેટ મિત્રો દ્વારા અભિનદન પાઠવી સૌ કોઈએ વધાવ્યા હતા અને વકીલ મિત્રો દ્વારા ફૂલ હાર કરી પેંડા ખવડાવી ખુશી વ્યકત કરી હતી.

માંગરોળ વકીલ મંડળના નવા હોદેદારોની ચુંટણીમાં પ્રમુખ તરીકે એડવોકેટ માધવજી ખાણીયાની ફરી પસંદગી કરાઈ, ઈન્દજીત પરમાર ઉપ.પ્રમુખ,યાકૂબ કાલવાત સેક્રેટરી, આરીફ મહીડા જોઈન્ટ સેક્રેટરી અને જેન્તી કાથડ ખજાનચી તરીકે બીન હરીફ થયા હતા.

# ગીર સોમનાથમાં નાળિયેરીમાં સફેદ માખીનો ઉપદ્રવ આવ્યો

### ખેડૂતો હવે નાળિયેરીની સુરક્ષા માટે લાચાર બન્યા

## ઉપદ્રવ વધી જતા ૬૦ થી ૭૦ ટકા ઉત્પાદન ઘટી ગયું છે


ગીર સોમનાથ, તા.૨૩

નાળિયેરના ગઢ ગણાતા ગીર સોમનાથ જિલ્લામાં ખેડૂતો હવે નાળિયેરીની સુરક્ષા માટે લાચાર બન્યા છે. નાળિયેરીમાં સફેદ માખીનો ઉપદ્રવ વધી જતા ૬૦ થી ૭૦ ટકા ઉત્પાદન ઘટી ગયુ છે. જેના કારણે કાંઠા વિસ્તારના ખેડૂતો માટે કલ્પવૃક્ષ સમાન નાળિયેરીનું ઉત્પાદન ઘટી જતા ખેડૂતો હવે બગીચા પર જેસીબી મશીન ફેરવી અન્ય પાક લેવા મજબુર બન્યા છે.

ગીરસોમનાથ જિલ્લાના ખેડૂતોને હવે સફેદ માખીએ રડાવ્યા છે. લીલા નાળિયેરનું ગઢ ગણાતા ગીર સોમનાથમાં નાળિયેરીમાં સફેદ માખીનો ઉપદ્રવ આવી જતા ખેડૂતો બાળકની જેમ ઉછેરેલી નાળિયેરી કાપી નાખવા માટે મજબુર બન્યા છે. આ સફેદ માખીને કારણે નાળિયેરના ઉત્પાદનને ૬૦ થી ૭૦ ટકાનો ફટકો પડ્યો છે. છેલ્લા ચાર વર્ષથી ગીર કાંઠાના વિસ્તારોમાં સફેદ માખીનો ઉપદ્રવ વધ્યો છે. આ સફેદ માખી એ નાળિયેરી માટે કેન્સર સમાન ગણાય છે. આ માખી નાળિયેરીના પાન પર બેસી ચીકણો કાળો પદાર્થ છોડે છે. આથી પ્રકાશ સંશ્લેષણની ક્રિયા અટકી જતા પાન ખરવા લાગે છે અને નાળિયેરનુ ઉત્પાદન ઘટે છે. ગીરમાં ૫૦૦ થી ૭૦૦ હેક્ટર જમીનમાં નાળિયેરનો પાક લેવાય છે. જો કે સફેદ માખીના ઉપદ્રવને કારણે ઉત્પાદન ઘટ્યુ છે.

છેલ્લા બે-ચાર વર્ષથી ગીરના દરિયાઈ વિસ્તારમાં સતત વાવાઝોડા પણ આવી રહ્યા હતા જેને કારણે પણ નાળિયેરીના પાકને ખૂબ મોટું નુકસાન થઈ રહ્યું છે. ૩ વર્ષ પહેલા ત્રાટકેલા તાઉતે વાવાઝોડાએ નાળિયેરના બગીચાઓનો સોથ વાળી દીધો હતો. લાખોની સંખ્યામાં ઉના, ગીરગઢડા અને કોડીનાર સહિતના વિસ્તારોમાં નાળિયેરના ઝાડ જમીનદોસ્ત થઈ ગયા. ગીર વિસ્તારોમાં મોટા પ્રમાણમાં નાળિયેરીનાં બગીચાઓ છે. સફેદ માખીના રોગે આખે આખા બગીચાઓને જાણે કે વેરાન બનાવી દીધા હોય તેવું લાગી રહ્યું છે. માખીનાં ઉપદ્રવનાં કારણે બગીચાઓ સુકાઈ રહ્યા છે.

# શ્રી કૃષ્ણના અંતિમ સ્થાન દેહોત્સર્ગ તીર્થમાં ગીતા જયંતીની ભક્તિપૂર્વક ઉજવણી









(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૨૩

પ્રભાસ તીર્થનું ગોલોકધામ જ્યાંથી ભગવાન શ્રી કૃષ્ણએ પોતાની માનવલીલાને વિરામ આપી નિજધામ પ્રસ્થાન કર્યુ એ પાવન ભૂમીમા આવેલ ગીતા મંદિર ખાતે ગીતાજયંતીની ભક્તિપૂર્વક ઉજવણી કરવામાં આવેલ હતી. આ પ્રસંગે શ્રી સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી જે.ડી પરમાર સાહેબ દ્વારા ગીતાજીના ગ્રંથના વિશેષ ભાવથી પૂજન-આરતી, કરવામાં આવેલ. શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી તેમજ સોમનાથ ટ્રસ્ટ સંચાલિત સોમનાથ સંસ્કૃત પાઠશાળાનાં ઋષિકુમારો દ્વારા ગીતા મંદિરમાં શ્રીકૃષ્ણ દ્વારા પ્રબોધક કરાયેલ અને વિશ્વના ચલઅચલના જ્ઞાન સાગર સમાન ગીતાજીના પાઠ કરવામાં આવેલ હતા. ગીતામંદિર કે જયાં પ્રત્યેક સ્તંભ પર ગીતાજીના અધ્યાય લખવામાં આવ્યા છે જે દર્શાવે છે કે ગીતાજીની જ્ઞાન ધારા માનવતા, સંસ્કૃતિ અને ધર્મના આધાર રૂપે વિશ્વમાં અસ્તિત્વ ધરાવે છે.

આ પાવન પ્રસંગે ટ્રસ્ટી દ્વારા ગોલોકધામ તીર્થના કેન્દ્રમાં બિરાજમાન ભગવાન શ્રીકૃષ્ણની ચરણ પાદુકાનું ભવપૂર્વક પૂજન કરી અભિષેક કરવામાં આવેલ. જેનો મોટી માત્રામાં શ્રદ્ધાળુઓએ લાભ લીધો હતો તેમજ આવનાર દરેક ભકતોને પ્રસાદ વિતરણ કરવામાં આવેલ હતું.

# ધો.૬થી ૮ના અભ્યાસક્રમમાં ગીતાને સમાવવાનો નિર્ણય લેવામાં આવ્યો

### શૈક્ષણિક ક્ષેત્રે મહત્વનો નિર્ણય લેવાયો

## તમામ સરકારી શાળામાં ભગવત ગીતાને હવે અભ્યાસક્રમમા સામેલ કરાશે અને તેની પરીક્ષા પણ લેવાશે

ગાંધીનગર, તા.૨૩

ગીતા જંયતીના અવસરે શૈક્ષણિક ક્ષેત્રે એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. તમામ સરકારી શાળામાં ભગવત ગીતાને હવે અભ્યાસક્રમમા સામેલ કરાશે અને તેની પરીક્ષા પણ લેવાશે

ગીતા જયંતીના અવસરે ભગવત ગીતાના મૂલ્યવાન ગ્રંથનું જ્ઞાન બાળકોને મળે માટે મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. હવે તમામ સરકારી શાળામાં ૬થી૮ ધોરણમાં ભગવત ગીતા ભણાવવામા આવશે. ધોરણ ૬થી ૮ના અભ્યાસક્રમમાં ગીતાને સમાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

ગીતા જંયતીના અવસરે આજે શિક્ષણ મંત્રી કુબેર ડિંડોર અને પ્રફુલ પાનસેરિયાએ આ મુદે સ્પષ્ટતા કરતા જણાવ્યું કે. શ્રીમદભાગવત ગીતાના સિદ્ધાંતો અને મૂલ્યોને બાળકોના જીવનમાં ઉતારવા માટે ભગવત ગીતાને અભ્યાસ ક્રમમાં સામેલ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

હવેથી તમામ સરકારી શાળાઓમાં ધોરણ ૬થી૮માં આ પુસ્તક અભ્યાસક્રમમાં સામેલ કરવામાં આવશે. જેની કાયદેસર પરીક્ષા પણ લેવાશે.

ઉલ્લેખનિય છે કે, ભગવત ગીતા એક એવો ગ્રંથ છે, જે દરેક યુગમાં એટલો જ ઉપયોગી અને સાત્વત છે. જીવન મૂલ્યોના પાઠ ભણાવતા આ ગ્રંથને અભ્યાસ ક્રમમાં સામેલ કરીને બાળકોમાં જીવનના મૂલ્યો અને કર્મના સિધ્ધાતને દ્રઢ કરવોનો ઉદેશ છે. બાળકના સર્વાંગી વિકાસ માટે ગીતાનું આ પુસ્તક ૨૦૨૪ નવા શૈક્ષણિક સત્રથી શાળાઓમાં પૂરક પુસ્તક તરીકે મુકાશે. આજે ગીતા જયંતીના દિવસે જ શિક્ષણ વિભાગ દ્વારા આજે ગીતાના સંસ્કૃત શ્લોક, ગુજરાતી ભાષાંતર, સચિત્ર પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું છે. આ અવસરે આ મહત્વનો નિર્ણય પણ લેવામાં આવ્યો છે.

# સિંધાજ ગામે શ્રીરામ પ્રવેશદ્વારનું ગાયત્રી પરિવારના વિશ્વવિદ્યાલયના ઉપકુલપતિ ડો. ચિન્મયભાઈ પંડ્યા દ્વારા ઉદઘાટન

## સિંધાજ ગામ તથા ગીર-સોમનાથ જિલ્લા ગાયત્રી પરિવાર દ્વારા આયોજન



(પ્રતિનિધિ દ્વારા)

પ્રાચી તીર્થ તા.૨૩

ગાયત્રી પ્રજ્ઞા પીઠ સિંધાજ સમસ્ત ગામ તથા ગીર-સોમનાથ જિલ્લા ગાયત્રી પરિવાર દ્વારા શ્રીરામ પ્રવેશદ્વારના ઉદ્ઘાટન પ્રસંગે અખીલ વિશ્વ ગાયત્રી પરિવારના હૃદય સમ્રાટ તેમજ દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલય શાંતિકુંજ હરિદ્વારના ઉપકુલ પતિ તેમજ ઘણી સંસ્થાઓના એ પ્રમુખ પણ રહેલા એવા ડોકટર ચિન્મયભાઈ પંડ્યાના પાવન કર કમલો દ્વારા મંગલ ઉદ્ઘાટન તા.૨૪-૧૨-૨૦૨૩ને રવિવારના રોજ બપોરે બે કલાકે કરવામાં આવશે. સાથે સાથે બે થી ત્રણ કલાકે તેમના ઉદબોધનનો કાર્યક્રમ પણ રાખવામાં આવેલ છે. તો આ કાર્યક્રમમાં દરેક ભાવિક ભક્તોને લાભ લેવા માટે ગીર-સોમનાથ જિલ્લા ગાયત્રી પરિવાર તથા ગાયત્રી પ્રજ્ઞા પીઠ સિંધાજ ગામ સમસ્ત હાર્દિક આમંત્રણ પાઠવે છે.

(તસ્વીર : જાદવભાઈ ચુડાસમા)

# ખંભાળિયામાં કેબિનેટ મંત્રીના અધ્યક્ષ સ્થાને જિલ્લા સંકલન સહ ફરિયાદ સમિતીની બેઠક યોજાઈ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૩

ખંભાળિયા માં આવેલી જિલ્લા કલેકટર કચેરી ખાતે કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાના અધ્યક્ષસ્થાને સંકલન સહ ફરિયાદ સમિતીની બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં કેબિનેટ મંત્રીએ પ્રદૂષણ અટકાવવા, સિંચાઈ, અન્ન પુરવઠો, પાણી પુરવઠો, વીજ વિભાગ, માર્ગ અને મકાન સહિતના વિવિધ વિભાગોના પ્રશ્નોની ચર્ચા કરી જરૂરી માર્ગદર્શન પૂરૂ પાડયું હતું. તેમણે જનહિતલક્ષી યોજનાઓનો લાભ લાભાર્થીઓને સરળતાથી મળી રહે તેવા સૂચનો આપવાની સાથે પ્રગતિ હેઠળના કામો વહેલી તકે પૂર્ણ કરવા તાકીદ કરી હતી. આ ઉપરાંત અરજદારોના પ્રશ્નોનો તાત્કાલિક નિવારણ લાવવા સૂચના આપી, જનહિતલક્ષી યોજનાની જિલ્લામાં થતી કામગીરીની સમીક્ષા કરીને અધિકારીઓને માર્ગદર્શન પણ આપ્યું હતું.

આ બેઠકમા જિલ્લા કલેકટર અશોક શર્મા, જિલ્લા વિકાસ અધિકારી એસ.ડી. ધાનાણી, નિવાસી અધિક કલેકટર ભૂપેશ જોટાણીયા, ડી.વાય.એસ.પી. પરમાર, જિલ્લા પંચાયત વતી પી.એસ. જાડેજા સાથે અમલીકરણ અધિકારીઓ હાજર રહ્યા હતા.

# બુધવારે માગશર મહિનો આદ્રા નક્ષત્ર શિવલિંગનો પ્રાગટ્ય દિવસ



શિવ મહાપુરાણ પ્રમાણે વિદ્યેશ્વર સંહિતા ના ૯ અધ્યાય માં શ્લોક નંબર ૧૫.૧૬.૧૭ પ્રમાણે માગશર મહિનો અને આદ્રા નક્ષત્ર હોય તે દિવસે શિવલિંગના દર્શન અને શિવલિંગ ની પૂજા ઉત્તમ ફળ આપનાર બને છે તથા આ દિવસે શિવલિંગના દર્શન કરવાથી શિવલિંગ ની પૂજા કરવાથી ૧૦૦ મહાશિવરાત્રી ની પૂજા કર્યા નું ફળ મળે છે

આદ્રા નક્ષત્રનો સમય : આ વર્ષે માગશર મહિના મા આદ્રા નક્ષત્ર માગસર સુદ પૂનમ ને મંગળવારે રાત્રે ૧૦.૨૦ કલાક થી શરૂ થશે તે માગશર વદ એકમ ને બુધવાર તા ૨૭ ડિસેમ્બર ૨૦૨૩ ના દિવસે આદ્રા નક્ષત્ર છે બુધવારે આદ્રા નક્ષત્ર રાત્રિના ૧૧.૩૦ સુધી છે આથી બુધવારે આખો દિવસ તથા રાત્રી દરમિયાન શિવજીની પૂજા નો લાભ મળશે

આ દિવસે રૂદ્રી.. લઘુરૂદ્ર... રૂદ્ર અભિષેક કરાવવાથી મનોકામના સિદ્ધ થશે શિવજીને જળ ચઢાવવું કાળા તલ ચડાવા પણ ઉત્તમ ગણાશે શિવજી ની સામે ફૂલ વાટ ના ૧૧ દીવા કરવા થી શુભ અને ઉત્તમ ફળની પ્રાપ્તિ થશે મનોકામના સિદ્ધ થશે દુઃખ દૂર થશે

શિવ મહાપુરાણ ની કથા પ્રમાણે : શિવ મહાપુરાણ પ્રમાણે એક વખતે બ્રહ્માજી અને વિષ્ણુ ભગવાનમાં વિવાદ થાય છે આ વિવાદ ના નિવારણ માટે શિવજી સ્વયમ બંનેની વચ્ચે અગ્નિ સ્તંભ તરીકે ઊભા રહે છે આજ અગ્નિ સ્તભ એટલે કે શિવલિંગ આ દિવસ હતો માગશર મહિનો અને આદ્રા નક્ષત્રનો દિવસ હતો આથી જ આ દિવસનો મહત્વ વધારે છે

જ્યોતિષી રાજદીપ જોશી (વેદાંત રત્ન)

# અહો આશ્ચર્યમ્: દ્વારકા જિલ્લાના અધિકારીઓ રજા પર હોય, મોરબી જિલ્લાના અધિકારીઓને ચાર્જ..!!

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૩

રાજ્ય સરકાર દ્વારા જનતાનો સમય બચાવવા માટે આધુનિક ટેકનોલોજી અને ડિજિટલાઈઝેશન તથા ઓનલાઈન સિસ્ટમ ઉપર ભાર મુકવામાં આવી રહ્યો છે. ત્યારે દેવભૂમિ દ્વારકા જિલ્લા માટે સરકાર દ્વારા કરવામાં આવેલો એક હુકમ જાણે દાયકાઓ જૂની સિસ્ટમમાં લોકો પુનઃ આવી ગયા હોય તેવું ફલિત કરે છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સીટી સર્વે સુપ્રીટેન્ડેન્ટ આગામી સમયમાં નિવૃત્ત થનાર હોય, તેઓ હાલ રજા ઉપર ગયા છે. આ ઉપરાંત ડીસ્ટ્રીક્ટ લેન્ડ રેકોર્ડ ઈન્સ્પેક્ટર ડી.આઈ.આર.એલ. પણ રજા ઉપર હોય, આ બંને જિલ્લા કક્ષાના મહત્વના અધિકારીઓનો ચાર્જ ખંભાળિયાથી આશરે ૨૧૦ કિલોમીટર દૂર મોરબી જિલ્લાના અધિકારીઓને સોંપવામાં આવ્યો છે. આમ, આ જિલ્લા માટે ઈન્ચાર્જ અધિકારી છેક મોરબીથી ખંભાળિયા અપ-ડાઉન કરે, ત્યાં નોકરીના આઠ કલાક પૂરા થઈ જાય.

### જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રના અગ્રણી કેળવણીકાર પેથલજીભાઈ ચાવડા 'પુ.બાપુજી' નિર્મિત

# ડો.સુભાષ એકેડેમીના વાર્ષિકોત્સવની સોમવારે થશે ઉજવણી

## ગઈકાલે યોજાયેલી પત્રકાર પરિષદમાં સંસ્થાના વડા જ્વાહરભાઈ ચાવડાએ આપેલી વિગત






જૂનાગઢ તા.૨૩

જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રભરમાં સુવિખ્યાત અને અગ્રણી કેળવણીકાર પેથલજીભાઈ ચાવડા પુ.બાપુજી નિર્મિત ડો.સુભાષ એકેડેમી સંસ્થાના વાર્ષિકોત્સવની આગામી સોમવારે ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવનાર છે. અને જે અંગેની તડામાર તૈયારી હાથ ધરવામાં આવી છે. સેવા, સાધના અને સંસ્કારની તપોભુમિ એવા ગિરનારની ગોદમાં આવેલી ઐતિહાસિક નગરીના અગ્રણી કેળવણીકાર પેથલજીભાઈ ચાવડા પુ.બાપુજી નિર્મિત ડો.સુભાષ એકેડેમી જૂનાગઢ સંલગ્ન વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ અને ડો.સુભાષ યુનિવર્સીટી અભ્યાસોતર પ્રવૃતિના ભાગરૂપ વાર્ષિકોત્સવ-૨૦૨૩ ઉજવી રહી છે. આ કાર્યક્રમના ઉદઘાટન અને અધ્યક્ષ તેમજ ઉપસ્થિત અન્ય વિદ્વાન વકતાઓના વિદ્વતાપુર્ણ અને શ્રેયકર ઉદ્બોધનનો લાભ લેવા તેમજ આપણા દેશની આધ્યાત્મિક સંસ્કૃતિને ઉજાગર કરતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. આ પ્રસંગે વહીવટી ક્ષેત્રે ઉચ્ચ પદ પ્રાપ્ત કરી સમાજના ગૌરવ અપાવનાર જ્ઞાતિરત્નોને સન્માનિત કરવામાં આવશે તેમજ ડો.સુભાષ એકેડેમીની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસ ક્ષેત્રે ઉત્કૃષ્ટ દેખાવ કરનાર ભાઈઓ-બહેનોને સન્માનીત કરી પ્રોત્સાહીત કરવામાં આવશે.

ગઈકાલે સુભાષ એકેડેમી પરિવાર દ્વારા એક પત્રકાર પરિષદ યોજવામાં આવી હતી. ડો. સુભાષ પરીવારનાં વડા જવાહરભાઈ ચાવડાએ કાર્યક્રમ અંગેની વિસ્તૃત વિગતો આપી હતી. આગામી તા.૨૫ ડિસેમ્બર ૨૦૨૩ સોમવારે સવારે ૯ કલાકે ડો.સુભાષ રંગભવન, ડો.સુભાષ એકેડેમી, ડો.સુભાષ રોડ જૂનાગઢ ખાતે આ કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમનું ઉદઘાટન પ.પુ.યોગીપીર શેરનાથબાપુ ત્રિલોકનાથબાપુ (મહંત ગોરક્ષનાથ આશ્રમ, ભવનાથ-જૂનાગઢ)ના હસ્તે કરવામાં આવશે. જયારે કાર્યક્રમના અધ્યક્ષસ્થાને પ.પુ. મુકતાનંદબાપુ (અધ્યક્ષ ભારત સાધુ સમાજ) બ્રહ્માનંદ વિદ્યાધામ, ચાંપરડા રહેશે.

આ કાર્યક્રમમાં વિદ્વાન આધ્યાત્મિક વકતા પ.પુ.સ્વામી શ્રી આત્માનંદ સરસ્વતી આશિર્વચન પાઠવશે. જયારે આ કાર્યક્રમમાં રાષ્ટ્રપ્રેમી સંન્યાસી ખાસ ઉપસ્થિત રહેશે. જેમાં પ.પુ.મહામંડલેશ્વર હરિહરાનંદબાપુ(આંતરરાષ્ટ્રીય અધ્યક્ષ, જૂના અખાડા, ભારતી આશ્રમ, જૂનાગઢ), પ.પુ. ઈન્દ્રભારતીબાપુ (મહંત રૂદ્રેશ્વર જાગીર ભારતી આશ્રમ, ભવનાથ, જૂનાગઢ), પ.પુ. મહાદેવગીરીબાપુ(મહંત, અવધુત આશ્રમ, ભવનાથ, જૂનાગઢ), પ.પુ. પીરબાવા તનસુખગીરીબાપુ(મહંતશ્રી, અંબાજી મંદીર, ગિરનાર ક્ષેત્ર, ભવનાથ, જૂનાગઢ), પ.પુ. રામાનંદબાપુ(મહંત, ઈન્દ્રેશ્વર મહાદેવ, જૂનાગઢ), પ.પુ. રાજેન્દ્રદાસબાપુ (મહંત, નકલંકધામ, તોરણીયા), પ.પુ. વિજયબાપુ(મહંત સતાધાર ધામ) સહિત સંતો-મહંતો ઉપસ્થિત રહેશે.

આ ઉપરાંત આધ્યાત્મિક સંસ્કૃતિને ઉજાગર કરતો રંગારંગ કાર્યક્રમ તા.૨૫-૧૨-૨૩ સોમવારે રાત્રે ૯ કલાકે ડો.સુભાષ રંગભવન, ડો.સુભાષ એકેડેમી, ડો.સુભાષ રોડ, જૂનાગઢ ખાતે યોજાશે. અને જેનું ઉદઘાટન સાધ્વી ડો.રાજેશ્વરી મૈયા(યોગગુરૂ) પંચાશતપીઠ આશ્રમ, સોમનાથના હસ્તે કરવામાં આવશે.

ગઈકાલે યોજાયેલી પત્રકાર પરિષદમાં ડો.બલરામ ચાવડા તેમજ ડો. દિપકભાઈ પટેલ દ્વારા ડો.સુભાષ એકેડેમી સંલગ્ન વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં આદ્ય સ્થાપક પેથલજીભાઈ ચાવડા 'પુ.બાપુજી'એ આપેલા યોગદાન તેમજ દિકરીઓને માટે કરવામાં આવેલી કામગીરીની વિસ્તૃત છણાવટ કરી હતી. એટલું જ નહી, આ શૈક્ષણિક સંસ્થાઓનો મુખ્ય હેતુ એ રહે છે કે અહી અભ્યાસ કરતી દિકરીઓને તેમજ વિવિધ સંસ્થાઓમાં જોડાયેલા વિદ્યાર્થીઓને ડો.સુભાષ એકેડેમી સંલગ્ન સંસ્થાના વાર્ષિકોત્સવ દરમ્યાન કંઈક નવું જ્ઞાન આપવા પ્રયાસ કરવામાં આવે છે. આ સંસ્થાના સ્થાપના કાળથી લઈ ૪૭ વર્ષના આ સમયગાળા દરમ્યાન સમાજને કંઈક નવું આપવાનો સંદેશ આપવામાં આવ્યો છે. ડો.સુભાષ એકેડેમીના વાર્ષિકોત્સવની ઉજવણી અંતર્ગત વરીષ્ઠ અને ટોચના રાજકીય મહાનુભાવો ઉપરાંત વિવિધ ક્ષેત્રના પ્રથમ હરોળના સંત-મહાપુરૂષો, તત્વ ચિંતકોના સમયાંતરે કાર્યક્રમો યોજાતા હોય છે અને માર્ગદર્શન પુરૂ પાડવામાં આવતું હોય છે. એક શુભ સંદેશો આપવામાં આવતો હોય છે અને સમાજમાં ઉમદા કાર્યો અને સેવાના કાર્યોને વેગ મળે છે એટલું જ નહી, સંસ્થાના વાર્ષિકોત્સવ મહિલા વર્ગને પ્રાધાન્ય આપવા માટે એક સમયે સમગ્ર કાર્યક્રમનું સંચાલન મહિલા પ્રતિનિધી, આયોજક તેમજ ઉપસ્થિત વિવિધ ક્ષેત્રના અગ્રણી મહિલાઓ પણ આ સંસ્થાના કાર્યક્રમમાં ઉપસ્થીત રહયા હતા. આ વર્ષે એટલે કે આગામી વાર્ષિકોત્સવમાં પણ એક નવો જ અભિગમ અપનાવવામાં આવેલ છે. ડો.સુભાષ એકેડેમીના જવાહરભાઈ ચાવડાએ જણાવ્યું હતું કે, તેઓના પુત્ર અને યુવા તેજ એવા ડો.સુભાષ યુનિવર્સીટીના પ્રમુખ રાજભાઈ ચાવડાનું એવું સુચન હતું કે, આ વખતે આપણા આ વાર્ષિકોત્સવમાં સનાતન ધર્મ અને અગ્રણી સંતોના આશિર્વચન અંતર્ગત કાર્યક્રમો યોજવાના આ સુચનને વધાવી લેવામાં આવ્યું અને આમંત્રણ પત્રિકા પણ ભગવા કલરની ડીઝાઈન કરવામાં આવી છે અને વાર્ષિકોત્સવમાં પણ સંતોની વિશેષ ઉપસ્થિતી રહેશે. જૂનાગઢ સહિત સૌરાષ્ટ્ર, ગુજરાત અને દેશભરમાં ખ્યાતનામ બનેલી ડો.સુભાષ એકેડેમીની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસ કરીને હોનહાર વિદાર્થીઓને તૈયાર કરવામાં આવે છે. આગામી સમયમાં જ એટલે કે ત્રણ વર્ષમાં જ પુ.બાપુજી પેથલજીભાઈ ચાવડાને સ્વપ્નને સાકાર કરવા માટેના ધરખમ પ્રયાસો કરવામાં આવી રહયા છે અને ડો.સુભાષ યુનિવર્સીટીના અદ્યતન સુવિધાથી જ સજજ ભવ્ય સંકુલ નિર્માણ પામશે અને જે અંગેની ડીઝાઈન તેમજ એક ડોકયુમેન્ટ્રી પણ આ વાર્ષિકોત્સવમાં દર્શાવવામાં આવશે. ગુજરાતની ટોપ યુનિવર્સીટીમાં સ્થાન ડો.સુભાષ યુનિવર્સીટીને પ્રાપ્ત થાય તે માટેના પ્રયાસોને આખરી ઓપ આપવામાં આવી રહયો છે. અને આ સ્વપ્ન સાકાર કરવા અમારો સમગ્ર સુભાષ એકેડેમી પરિવાર કાર્યરત બન્યો છે તેમ જણાવ્યું હતું.

(તસ્વીર : મયુર જાડેજા)

# બાર એસોસિએશનની ચૂંટણીમાં ૮૮ ટકા જેવું ધીંગું મતદાન, આજે મોડી સાંજ સુધીમાં પરિણામ જાહેર થશે




(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૩

જૂનાગઢ બાર એસોસિએશનની ચૂંટણી શાંતિપૂર્ણ રીતે સંપન્ન થઈ છે. ૮૮ ટકા જેવું ધીંગું મતદાન થયું છે. દરમ્યાન આજે સવારે ૧૦:૩૦ વાગ્યાથી મત ગણતરી શરૂ હતી. ત્યારે પ્રમુખ પદનો તાજ કોના શિરે રહેશે તેને લઈને ભારે ઉત્તેજના જોવા મળી રહી છે. આ અંગે બાર એસોસિએશનની યોજાયેલ ચૂંટણીના મુખ્ય ચૂંટણી અધિકારી એડવોકેટ આર.ડી.ઠાકરે જણાવ્યું હતું કે, કુલ ૭૬૬ મતદારો હતા જેમાંથી ૬૭૫એ મતદાન કર્યું છે. આમ, ૮૮ ટકા જેટલું ધીંગું મતદાન થયું છે.શાંતિપૂર્ણ રીતે મતદાન પ્રક્રિયા સંપન્ન થઈ છે. આ સાથે ૫૩ ઉમેદવારોનું ભાવિ મતપેટીમાં સીલ થયું છે. બેલેટ પેપરોને સીલ કરીને સ્ટ્રોંગ રૂમમાં રાખી દેવાયા છે. આજે સવારે ૧૦:૩૦ વાગ્યે મતગણતરી પ્રક્રિયા હાથ ધરાઈ છે.

સૌપ્રથમ કારોબારીની ગણતરી કરાશે. એક કલાકના રિશેષ બાદ પ્રમુખ અને હોદ્દેદારોના મતની ગણતરી હાથ ધરાશે. આમ, મતગણતરી સંપન્ન થયે મોડામાં મોડું સાંજ સુધીમાં ચિત્ર સ્પષ્ટ થઈ જશે કે પ્રમુખ પદનો તાજ કોના શિરે રહેશે તે બહાર આવશે. બાર એસોસિએશનની ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થતા તમામે હાશકારો અનુભવ્યો છે. હવે આજે આવનારા પરિણામને લઈને વકીલાત સાથે સંકળાયેલા લોકોમાં ભારે ઉત્તેજના જોવા મળી રહી છે. દરમ્યાન આમાં પ્રમુખ, ઉપપ્રમુખ, સેક્રેટરી, જોઈન્ટ સેક્રેટરી, ટ્રેઝરર, સિનીયર કારોબારી, મહિલા અનામત કારોબારી અને કારોબારી સભ્યો મળી ૫૩ લોકોએ ઝંપલાવ્યું છે. શનિવારે આવનાર પરિણામ ઉપર સૌની મિટ મંડાઈ છે. આમાં વિજેતા બનનારની મુદત બે વર્ષની હોય છે. પરિણામે વિજેતા બનનાર ઉમેદવાર બે વર્ષ સુધીનો કાર્યભાર સંભાળશે.

# વેરાવળમાં ખડકાયેલા ઘનકચરાના પહાડોમાંથી ૨ લાખ મેટ્રીક ટન કચરાનો નિકાલ કરવા પાલીકાએ કાર્યવાહી હાથ ધરી

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૨૩

અમદાવાદના પીરાણા વિસ્તાર જોવા મળતા કચરાના પહાડો વેરાવળમાં પણ ખડકાયા છે. વેરાવળ પાલીકાના કમ્પોઝ યાર્ડની ૨૧ એકરની વિશાળ અને કિંમતી જમીન પર કચરાના પહાડોથી ભયંકર પ્રદુષણ પણ ફેલાઈ રહ્યું છે. જો કે કેન્દ્ર અને રાજ્ય સરકારના સહયોગથી અંદાજે ૭૫ કરોડના ખર્ચે આ વિશાળ જગ્યા ખુલ્લી કરી સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, ઈકોલોજી પાર્ક ગાર્ડનના નિર્માણ સાથે નવ સાધ્ય થવા જઈ રહી છે.આ અંગે પાલિકાના ચીફ ઓફિસર ચેતન ડુડિયાએ માહિતી આપતા જણાવેલ કે, અઢી દાયકા એટલે કે ૨૫ વર્ષ બાદ શહેરીજનો ના સ્વાસ્થ્ય માટે શિરદર્દ સમાન આ સમસ્યાના કાયમી ઉકેલ માટે પાલિકા તંત્રએ કમર કસી છે. યાર્ડની ૨૧ પૈકી ૨૦ એકર જગ્યામાં ઘન કચરો જામ થઈ ચૂક્યો છે. જેનો નિકાલ કરવા અર્થે કેન્દ્ર સરકારે ૧૦ કરોડની રકમ ફાળવતા અંદાજે ૨ લાખ મેટ્રિક ટન ઘનકચરાનો નિકાલ કરવામાં આવશે.

વધુમાં જણાવેલ કે, લેગેસીવ વેસ્ટના નિકાલમાં ગુડ અર્થ એટલે કે રેતી, માટી જેવી ફિલિંગ મરીરિયલ્સ નીકળશે જેનો ફિલિંગ માટે સદઉપયોગ કરાશે કમ્પોઝ યાર્ડના આગળના ભાગે હાઈવે ટચ ૫ એકર જમીનમાં પાંચેક કરોડના ખર્ચે થીમ બેઈઝ ઈકોલોજીકલ પાર્કનું નિર્માણ થશે. જેમાં આ મટીરીયલનો ઉપયોગ કરાશે. જેથી પાર્કના નિર્માણ કાર્યમાં ઓછો ખર્ચ આવશે.

**૪૦ હજાર મેટ્રિક ટન RDF કચરો સિમેન્ટ કંપનીના બોયલરમાં બળતણ તરીકે વપરાશેઃ પાલિકા સાથે કંપનીના MOU**

ચીફ ઓફિસર ચેતન ડુડિયાએ માહિતી આપતા જણાવેલ કે, લેગેસિવ વેસ્ટના નિકાલમાં આરડીએફ (RDF) એટલે કે પ્લાસ્ટિક કપડા સહિતનો જે વેસ્ટ નીકળે છે તેનો બિલકુલ કોઈ ઉપયોગ નથી હોતો. આવા વેસ્ટને સરકારની સૂચના મુજબ ધારા ધોરણ અનુસાર સિમેન્ટ કંપનીઓના બોઈલર પ્લાન્ટમાં બળતણ માટે ઉપયોગ કરાશે જે સંદર્ભે પાલિકાના સિમેન્ટ કંપનીઓ સાથે એમઓયુ પણ કરી દેવાયા છે અંદાજે ૪૦,૦૦૦ મેટ્રિક જેટલો આરટીએફનો નિકાલ કરાશે થશે.

**૫૪ કરોડના ખર્ચે સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ સ્થપાશે**

આજ જમીન ઉપર જીયુડીસી દ્વારા ૫૪ કરોડના ખર્ચે (STP)સુએજ ટ્રીટમેન્ટ પ્લાન પ્લાન્ટ સ્થાપવામાં આવશે જેથી આખા શહેરના ડ્રેનેજના મારફતે આવતા પ્રવાહી કચરોનું ફાઈનલ ટ્રીટમેન્ટ બાદ નિકાલ કરવામાં આવશે. આમ અઢી દાયકા બાદ વેરાવળ-સોમનાથ નગરને ઘન, પ્રવાહી અને વાયુ પ્રદુષણ થી મુકત બનાવવા પાલિકા તંત્રએ મહત્વપૂર્ણ પ્રોજેક્ટ અમલી કર્યો છે.

# જૂનાગઢમાં શંકા રાખી ગેરકાયદેસર મંડળી રચી હુમલો : ૬ સામે ફરીયાદ

જૂનાગઢ તા.૨૩

જૂનાગઢ શહેરમાં ગઈકાલે બનેલા એક બનાવમાં શંકા રાખીને ગેરકાયદેસર મંડળી રચી હુમલો કરી મારમારી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો બનાવ પોલીસ દફતરે નોંધાયો છે.

આ બનાવ અંગે એ ડીવીઝન પોલીસે આપેલી વિગત અનુસાર ગઈકાલે દોલતપરામાં આવેલ રામદેવપરા નજીક બનેલા એક બનાવ અંગે સલીમભાઈ ઈસ્માઈલભાઈ પાલેજા(ઉ.વ.૩૨) રહે.સાકરબાગ રામદેપરાવાળાએ અજીત ઉર્ફે મંત્રી આમદભાઈ, કારીબેન આમદભાઈ, નયુમ, નદો, અમીન ઉર્ફે અયુ આમદભાઈ, આમદભાઈ રહે.તમામ રામદેવપરાવાળા વિરૂધ્ધ નોંધાવેલી ફરીયાદમાં જણાવેલ છે કે, આરોપી અજીત ઉર્ફે મંત્રીની ઘરવાળી જતી રહેલ હોય જે બાબતે ફરીયાદી ઉપર શંકા રાખી તમામ આરોપીઓએ ગેરકાયદેસર મંડળી રચી અજીત ઉર્ફે મંત્રીને છરી બતાવી તેમજ આરોપીઓએ એકસંપ કરી હોકી અને પ્લાસ્ટીકના પાઈપ વડે મારમારી જાનથી મારી નાંખવાની ધમકી આપ્યાની ફરીયાદ નોંધાવતા એ ડીવીઝન પોલીસે ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઈ ચુડાસમાએ હાથ ધરી છે.

# વિસાવદરના ભટ્ટવાવડી નજીક હુમલો : ૩ સામે ફરીયાદ

વિસાવદર તા.૨૩

જૂનાગઢના જોષીપરા આદર્શનગર-૨માં રહેતા હિતેષભાઈ બદરૂભાઈ ગાગીયા (ઉ.વ.૩૪)એ રાજુભાઈ રાણાભાઈ ગાગીયા(ઉ.વ.૪૫), પોપટભાઈ રાણાભાઈ ગાગીયા(ઉ.વ.૪૯) રહે.ભટ્ટવાવડી તથા એક અજાણ્યા શખ્સ વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદીને આરોપીઓએ ગાળો કાઢી, રાજુભાઈએ લાકડી વડે વાસાના ભાગે મારમારી તેમજ સાહેદોને પણ મારમારી તથા આરોપી પોપટભાઈ ગાગીયાએ પોતાના પાસેથી ધારીયુ તેમજ આરોપી રાજુભાઈએ છરી વડે મારમારવા જતા ફરીયાદી તેને પકડી રાખેલ તેથી છરીનો માથાના ભાગે છરકો થયેલ અને ફરીયાદી હીતેષભાઈ બદરૂભાઈ ગાડી લઈને ભાગવા જતા ફરીયાદી તથા સાહેદને જાનથી મારી નાંખવાનો બનાવ પોલીસ દફતરે નોંધાયો છે. આ બનાવ અંગે આરોપીઓ વિરૂધ્ધ વિવિધ કલમ અંતર્ગત ગુનો નોંધી વિસાવદર પોલીસ વધુ તપાસ હાથ ધરી છે.

# દ્વારકાની ગોમતી નદીમાં શિયાળાની ઋતુમાં યાયાવર પક્ષીઓનું આગમન



(રાકેશ સામાણી દ્વારા) દ્વારકા તા.૨૩

દ્વારકાની પવિત્ર ગોમતી નદીમાં શિયાળાની ઋતુમાં સિગલ પક્ષીઓનું આગમન થયું છે. ગોમતીનદીના પાણીમાં પક્ષીઓ ખોરાક ખાવા ચડી આવ્યા છે. પવિત્ર ગોમતીજીમાં રહેલ માછલીઓને લોટ નાખી દાન પુણ્ય કરતા હોય છે. એ ગોમતી નદીમાં સંખ્યાબંધ પક્ષીઓ ખોરાક માટે આવી ચડ્યા છે. એકબાજુ લોકો માછલીઓને લોટ નાખી ખોરાક પુરો પાડે છે. ત્યારે પક્ષીઓ ખોરાક માટે માછલીઓ આરોગવા ચડી આવે છે.

# દ્વારકાધીશ જગતમંદિરમાં ગીતા જયંતિ નિમિત્તે ઠાકોરજીના ચરણોમાં ગીતાજી અર્પણ



(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૨૩

કુરૂક્ષેત્રની રણભૂમિમાં ભગવાન શ્રી કૃષ્ણે અર્જુનને આપેલ ધર્મોપદેશ આધારિત ગ્રંથ એટલે ભગવદ્ ગીતા.ગીતાજી એ વિશ્વનું એકમાત્ર પુસ્તક છે જેની જયંતિ ઉજવાય છે શ્રી કૃષ્ણે અર્જુનને આપેલ ઉપદેશને આજે ૫૧૬૦ વર્ષ થયા હોય જે અનુસંધાને દેશભરમાં ગીતા જયંતિની ઉજવણી કરવામાં આવી રહી છે દ્વારકાધીશ જગતમંદિરમાં પણ ગઈકાલે ઠાકોરજીના શ્રીચરણોમાં ભગવદ્ ગીતાની પધરામણી વારાદાર પુજારી દ્વારા કરવામાં આવી હતી.

# ખંભાળિયાના શક્તિનગર વિસ્તારમાં ખેડૂત આધારિત કાર્યક્રમ યોજાયો

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૩



ખંભાળિયા નજીક આવેલા શક્તિનગર વિસ્તારમાં સ્થિત બેલાવાડી ખાતે આવેલી નિતેશભાઈ દેવજીભાઈ કણજારીયાની વાડી ખાતે શુક્રવારે અહીંની જિલ્લા નાયબ બાગાયત વિભાગ નિયામકની કચેરી દ્વારા ખેડૂતોને તાલીમ અંગેનો ખાસ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ગાય આધારિત પ્રાકૃતિક ખેતી અંગેની તાલીમ આપવામાં આવી હતી. જેમાં આ પ્રકારની પ્રાકૃતિક ખેતી કેવી રીતે કરવી તેનું લાઈવ ડેમો આપીને ખેડૂતોને માહિતગાર કરવામાં આવ્યા હતા. સાથે સાથે ખેતીમાં રાસાયણિક ખાતરનો ઉપયોગ ઓછો કરીને માત્ર ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કેમ કરવી તે અંગેની તાલીમ પણ આપવામાં આવી હતી. આ ઉપરાંત મિશન મધમાખી કાર્યક્રમ અંતર્ગત મધમાખી પાલન કેવી રીતે કરવું તે અંગે પણ લાઈવ ડેમો મારફતે ખેડૂતોને માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત ઉપસ્થિત ખેડૂતોને લગતી સરકારની અનેક વિધ યોજનાઓ અંગે તેઓને માહિતગાર કરવામાં આવ્યા હતા. જેનો લાભ મોટી સંખ્યામાં ખેડૂતોએ લીધો હતો. આ સમગ્ર આયોજન દરમિયાન શક્તિનગરના અગ્રણી મયુરભાઈ નકુમ ભટ્ટ ગામના સરપંચ ખીમાણંદભાઈ ગઢવી, તાલુકા પંચાયતના ઉપપ્રમુખ દેવુભાઈ કછટીયા, માજી સદસ્ય રવજીભાઈ નકુમ, આત્મા પ્રોજેકટના રાજુભાઈ વારોતરીયા, ગ્રામ પંચાયતના તલાટી પ્રભાતભાઈ વિંઝુડા, સદસ્ય કિરીટભાઈ ચોપડા, રમેશભાઈ કણજારીયા, નિતેશભાઈ કણજારીયા, નાયબ બાગાયત નિયામક ચૈતન્યકુમાર લશ્કરી, અન્ય અધિકારી નિલેશભાઈ ગજાનંદ, હકાભાઈ પરમાર, વિગેરે સાથે ગ્રામ સેવક સહિતના કાર્યકરો આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢના માંગનાથ રોડ ઉપર આવેલ ઘર સંસાર નામના શોરૂમમાં ભયાનક આગ લાગતા દોડધામ

## આગની ઘટનામાં તત્કાલ સ્થળ ઉપર પહોંચીને ઉત્કૃષ્ટ અને સરાહનીય કામગીરી દાખવતા જૂનાગઢ પોલીસ અને જૂનાગઢ ફાયર ફાઈટર વિભાગની કામગીરીની થઈ રહેલી સરાહના





જૂનાગઢ તા.૨૩

જૂનાગઢ શહેરમાં માંગનાથ રોડ ઉપર કમાન પાસે આવેલ ઘરસંસાર નામની ઘરવપરાશની ચીજવસ્તુઓની દુકાનમાં ગઈકાલે સાંજના છ વાગ્યે ભીષણ આગ લાગી હતી. આ આગની ઘટના અંગે તુરત કોઈને ખ્યાલ ન આવ્યો હતો પરંતુ દુકાનનો એક કર્મચારીને ત્રીજા માળે જતા ખબર પડી કે નાનો ભડકો થયો છે. તેથી તેને તુરત જ નીચે આવી જાણ કરી હતી. દુકાન માલીક સહિતના લોકો ઉપર દોડી ગયા હતા અને આગ લાગ્યાની ઘટનાની જાણ થતા મનપાના ફાયરબ્રીગેડને જાણ કરવામાં આવી હતી. ઘરસંસાર નામના શોરૂમમાં લાગેલ આગ જોત જોતામાં ભયાનક સ્વરૂપ ધારણ કરી લીધુ હતું. ત્રીજાથી માળેથી ચોથા અને બીજા માળે પણ ફેલાઈ ગઈ હતી. અને પહેલા માળ સુધી તેની જાળ લાગી હતી. અને જેને લઈને દુકાનનો તમામ માલ ભષ્મીભુત થયો હતો. આ આગની જાણ થતા જ આસપાસની તમામ દુકાનો ફટાફટ બંધ થવા લાગી હતી અને માંગનાથ રોડ ઉપર લોકોના ટોળે ટોળા એકઠા થયા હતા. આ બનાવમાં સદનસીબે કોઈને ઈજા થઈ ન હતી. દરમ્યાનમાં માંગનાથ રોડ ઉપર આવેલ ઘરસંસાર નામની ત્રણ માળની દુકાનમાં અકસ્માત આગ લાગી હોવાની જાણ જૂનાગઢ પોલીસને થતા તાત્કાલીક નાયબ પોલીસ અધિક્ષક હિતેષ ધાધલીયા તથા એ ડીવીઝન પોલીસ સ્ટેશનના પીઆઈ વી.જે.સાવજ તથા સ્ટાફ અને બી ડીવીઝન પોલીસ સ્ટેશનના પીઆઈ જી.ડી.રાજપુર અને સ્ટાફ સહિતનો કાફલો સ્થળ ઉપર પહોંચી જઈ અન્ય કોઈ દુર્ઘટના ન બને તેના ભાગરૂપે આગ લાગેલ દુકાનની આજુબાજુની દુકાનોમાંથી તેમજ રહેણાંક મકાનોમાંથી લોકોને તાત્કાલીક સુરક્ષિત રીતે નીકાળેલ તેમજ આગ લાગેલ દુકાનની બાજુમાં એકઠા થયેલ લોકોના ટોળાને દુર સુરક્ષિત સ્થળે ખસેડી ઈમરજન્સી ફાયર ફાયટરના વાહનને સ્થળ સુધી પહોંચાડી બચાવ અને રાહતની કામગીરી હાથ ધરેલ. પોલીસ તંત્રનો કાફલો અને ફાયર સ્ટાફે સંકલનમાં રહી આખરે આ આગને કાબુમાં લીધી હતી. આગની ઘટના દરમ્યાન આજુબાજુમાં થતી જાનહાની તથા નુકશાની અટકાવવાની પ્રસંશનીય કામગીરી જૂનાગઢ પોલીસે દાખવી હતી.

જૂનાગઢ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક નિલેશ જાજડીયા તથા પોલીસ અધિક્ષક હર્ષદ મહેતાએ જૂનાગઢ પોલીસ તંત્રને સુચના અને માર્ગદર્શન આપેલ હોય અકસ્માતે બનતા બનાવમાં સ્થળે તત્કાલ પહોંચી જઈ બચાવ અને રાહતની કામગીરીમાં સત્વરે મદદ પુરી પાડવાની સુચનાઓ આપવામાં આવી હોય જે અંતર્ગત નાયબ પોલીસ અધિક્ષક હિતેષ ધાધલીયાના માર્ગદર્શન હેઠળ એ ડીવીઝન અને બી ડીવીઝન પોલીસ સ્ટેશનના ચુનંદ સ્ટાફે તેમજ જૂનાગઢ ફાયર વિભાગના સ્ટાફે સંકલનમાં રહીને ખુબ જ સરસ કામગીરી કરવામાં આવી અને આગની ઘટનામાં કોઈ ગંભીર બનાવ ન બને તેની તકેદારી રાખી જરૂરી મદદ પુરૂ પાડવા બદલ પોલીસ વિભાગ તેમજ ફાયર ફાઈટર વિભાગની કામગીરીની લોકોમાં સરાહના થઈ રહી છે. (તસ્વીર : મયુર જાડેજા)

## જૂનાગઢમાં ૨૪ બોટલ દારૂ લઈ જતા યુવકનું બાઈક ડિવાઈડર સાથે અથડાયું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૩

જૂનાગઢમાં ૨૪ બોટલ દારૂ લઈ જતા યુવકનું બાઈક ડિવાઈડર સાથે અથડાતા ગંભીર ઈજા થઈ હતી. આ અકસ્માતમાં દારૂની ૬ બોટલનો બૂકડો બોલી ગયો હતો. જોકે પોલીસે ૩૭,૨૦૦નો મુદ્દામાલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી હતી. સી ડિવિઝન પોલીસ સ્ટેશનનો સ્ટાફ રાત્રે પેટ્રોલિંગમાં હતો ત્યારે મોતીબાગ રોડ ઉપર આવેલ ખાનગી સ્કૂલ નજીક માણસોનું ટોળું એકત્ર થયેલું જોવા મળતા પોલીસે તેનું વાહન રોકીને તપાસ કરતા જીજે-૧૧-સીકે-૫૮૬૧ નંબરનું બાઈક ડિવાઈડર સાથે અથડાતા તેના ચાલકને માથામાં ગંભીર ઈજા થઈ હોવાનું જણાયું હતું. આખી તાત્કાલિક ૧૦૮ મારફત ઈજાગ્રસ્ત વ્યક્તિને બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવી હતી. પ્રાથમિક તપાસમાં બાઈક સવાર મોતીબાગ રોડ તરફથી મધુરમ બાજુ જઈ રહ્યો હતો અને અકસ્માતનો ભોગ બન્યો હતો. સ્થળ પરથી બાઈક સાથેનો થેલો મળી આવતા પોલીસે થેલાની તલાસી લેતા ઈંગ્લિશ દારૂની ૨૪ બોટલ મળી આવી હતી પરંતુ ૬ બોટલ અકસ્માતના કારણે તૂટી ગઈ હતી. આખી પોલીસે બોટલ દારૂ અને બાઈક સહિત રૂપિયા ૩૭,૨૦૦નો મુદ્દામાલ કબજે કરીને ધોરણસરની કાર્યવાહી કરી હતી. ઈજાગ્રસ્ત બેભાન હાલતમાં હોય પોલીસો આગળની કાર્યવાહી કરી વધુ તપાસ સી ડિવિઝન પોલીસ ચલાવી રહી છે.


## શ્રદ્ધાંજલી...



કડિયા સમાજના ભામાશા અને જ્ઞાતિરત્ન

**અ.નિ.ધીરૂભાઈ નારણભાઈ ગોહેલ**

અ.નિ.તા.૨૦-૧૨-૨૦૨૩, બુધવાર

**શ્રી ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજ - જૂનાગઢ**

શ્યામ વાડી, દાતાર રોડ, જૂનાગઢ | કડિયા મંદિર, કડિયાવાડ, જૂનાગઢ | કડિયા સમાજ ધર્મશાળા, ભવનાથ, જૂનાગઢ

**ટ્રસ્ટીશ્રીઓ**

શ્રી પ્રકાશભાઇ વશરામભાઈ ચૌહાણ - ઉપપ્રમુખશ્રી - ટ્રસ્ટીશ્રી
શ્રી દિનેશભાઈ કાનજીભાઇ કાચા - મંત્રીશ્રી - ટ્રસ્ટીશ્રી
શ્રી કિશોરભાઇ મોહનભાઈ ચોટલીયા - ખાજાનચીશ્રી - ટ્રસ્ટીશ્રી
શ્રી નાનજીભાઇ મેઘજીભાઈ મારૂ - ટ્રસ્ટીશ્રી
શ્રી લાલજીભાઇ રવજીભાઈ ટાંક - ટ્રસ્ટીશ્રી
શ્રી નાનાલાલ દામજીભાઈ સોલંકી - ટ્રસ્ટીશ્રી
શ્રી જે. કે. ચાવડા - ટ્રસ્ટીશ્રી
શ્રી પંકજભાઈ (કાળુભાઈ) ઉકાભાઈ ચોટલીયા - ટ્રસ્ટીશ્રી
વિભા.પ્રમુખશ્રી દુબડી

**વિભાગીય પ્રમુખશ્રીઓ**

શ્રી વૃજલાલ નાનજીભાઈ કાચા-સેવા પ્રમુખ, ઝાંઝરડા રોડ
શ્રી ધીરૂભાઇ બાબુભાઈ ટાંક - જવાહર રોડ
શ્રી અમૃતલાલ રવજીભાઈ ટાંક - પંચેશ્વર
શ્રી કલ્યાણજીભાઇ વેલજીભાઈ પરમાર - રાયજીબાગ
શ્રી તેજસભાઈ નાથાભાઇ વેગડ - ગાંધીગ્રામ
શ્રી હરિલાલ મોહનભાઈ મોરવાડીયા - ટીંબાવાડી
શ્રી રસિકભાઈ લક્ષ્મણભાઈ મોરવાડીયા - જોષીપરા, દોલતપરા
શ્રી રાજુભાઈ ગાંડાલાલ સોલંકી - કડિયાવાડ

**વિભાગીય ઉપ પ્રમુખશ્રીઓ**

શ્રી કિરણભાઈ (બાલાભાઈ) રતિભાઈ કાચા - દુબડી-કામદાર
શ્રી હરેશભાઇ લાલજીભાઈ રાઠોડ - પંચેશ્વર
શ્રી રમેશભાઇ એ. ટાંક - ઝાંઝરડા રોડ
શ્રી સંજયભાઈ જે. ચાવડા - ટીંબાવાડી
શ્રી જીતેનભાઈ રમેશભાઇ ચોટલીયા - રાયજીબાગ
શ્રી જયેશભાઇ ભગવાનજીભાઈ મનાણી - દોલતપરા
શ્રી મહેન્દ્રભાઈ રવજીભાઈ સોલંકી - જોષીપરા
શ્રી હરિલાલ કાનજીભાઇ ચાવડા - ગાંધીગ્રામ
શ્રી મુકેશભાઈ શિવલાલભાઈ ચાવડા - કડિયાવાડ

**ભૂતપૂર્વ વિભાગીય પ્રમુખશ્રીઓ**

શ્રી અમૃતલાલ બચુભાઈ રાઠોડ - કામદાર સોસાયટી
શ્રી સી. પી. જાદવ - ગાંધીગ્રામ
શ્રી નાનજીભાઇ કે. ટાંક - રાયજીબાગ
શ્રી અમૃતલાલ સવજીભાઇ મકવાણા - પંચેશ્વર
ડો. પીયુષભાઇ જી. ટાંક - ટીંબાવાડી
શ્રી અમૃતલાલ રણછોડભાઇ સોલંકી - કડિયાવાડ

તથા સમસ્થ કડિયા સમાજના જય શ્રીસ્વામિનારાયણ



